RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૬ શુક્રવાર તા.૦૨-૧૦-૨૦૨૬ અંક : ૨૭૯ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

MY CITY PRIDE






## શહેર આપણું છે,

### તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ , લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ




**ફોટો મોકલો**
ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો**
સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો**
તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત**
તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને Hi મેસેજ કરો અને
વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને
ચેટબોટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."

**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."

**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."

**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | **સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત** /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

# ભાવનગરમાં ભળતી બ્રાન્ડના નામે ઠંડા પીણાંનું ઉત્પાદન કરતા એકમો પર દરોડા

## SOG અને ફુડ વિભાગની સંયુક્ત કાર્યવાહી, વરતેજ અને ઘોઘામાંથી સેમ્પલો લેવાયા

ભાવનગર,તા.૨

ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર અસારી અને જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચનાથી ભાવનગર એસ.ઓ.જી.અને ફુડ સેફટી ઓફિસરની ટીમે ખાદ્ય માફિયાઓ સામે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. મંજૂર થયેલી જાણીતી બ્રાન્ડ પ્રોડક્ટ 'fb' ને મળતી આવતી બનાવટી પ્રોડક્ટ્સ જેવી કે MF, JD, અને FD નામે વેચાણ કરતા એકમો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એસ.ઓ.જી. ટીમે ફુડ સેફટી ઓફિસર મનિષ ચૌધરી સાથે મળીને વરતેજ જી.આઈ.ડી.સી. સ્થિત "thermal fd mix fruit", નાના ખોખરા સ્થિત "Jaldip soft drinks jb" અને ભુંભલી સ્થિત "Raj MF mix fruit" પર દરોડા પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન જરૂરી સેમ્પલો લેવામાં આવ્યા હતા તેમજ સ્થળ પરથી કુલ ૬૬ બોટલનો નાશ કરવામાં આવ્યો હતો. આ એકમોને ઈમ્પ્રુવમેન્ટ નોટીસ આપી વરતેજ અને ઘોઘા પોલીસ સ્ટેશન ખાતે નોંધ કરવામાં આવી છે. એફ.એસ.એલ. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સ્મિતના શોર્યને સલામ : ૧૭૪ જિંદગી બચાવનાર શૂરવીર કેપ્ટનના દીર્ઘાયુ માટે ભીડભંજન દાદાની કરાઈ મહાઆરતી




પોતે ગંભીર રીતે ઘાયલ હોવા છતાં અદમ્ય હિંમત અને શૌર્ય દાખવીને ૧૭૪ વિમાન મુસાફરોના પ્રાણ બચાવનાર રિયલ હીરો કેપ્ટન સ્મિત મચ્છારના સાહસને બિરદાવવા માટે ભાવનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા એક ભાવસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવારે સાંજે શહેરના ઐતિહાસિક ભીડભંજન મહાદેવ મંદિર ખાતે કેપ્ટન સ્મિતના દીર્ઘાયુ અને સ્વાસ્થ્ય માટે મહાઆરતી યોજાઈ હતી.આ પ્રસંગે સાંસદ એવં કેન્દ્રીય રાજ્યમંત્રી, ધારાસભ્ય, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર ભાજપના વરિષ્ઠ આગેવાનો, વિવિધ મોર્ચા-સેલના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ-મહામંત્રીઓ તેમજ શક્તિ કેન્દ્ર અને બૂથ સ્તરના કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકોએ કેપ્ટન સ્મિતના દીર્ઘાયુ અને સારા સ્વાસ્થ્ય માટે મહાદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણીયાના હસ્તે

# સિહોરમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ ૯૦૪ વરિષ્ઠ નાગરિકોને ૮૩.૮૫ લાખના સાધનોનું વિતરણ

ભાવનગર,તા.૨

આંતરરાષ્ટ્રીય વૃદ્ધજન દિવસ અને સેવા સંકલ્પ અભિયાન નિમિત્તે ભાવનગર જિલ્લાના સિહોર ખાતે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાના હસ્તે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત ૯૦૪ વરિષ્ઠ નાગરિકોને રૂ. ૮૩.૮૫ લાખના સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.




કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાએ ઉમેર્યું કે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના વડીલો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સમગ્ર ભાવનગર જિલ્લામાં વિવિધ કેમ્પોના માધ્યમથી ૮,૦૯૧ વરિષ્ઠ નાગરિકોને રૂ. ૭ કરોડથી વધુ મૂલ્યના ૪૫,૯૬૮ સહાયક સાધનો વિનામૂલ્યે પૂરા પાડવામાં આવ્યા છે. સિહોરનો આ ૧૫મો અને આખરી કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### માત્ર ભૌતિક મદદ નહિ, પરંતુ આત્મવિશ્વાસનો સબળ સહારો છે




આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો. વીરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનોનું જીવન વધુ સન્માનજનક અને સરળ બનાવવા સતત કાર્યરત છે. વડીલોને અપાતા વોકર, વ્હીલચેર, શ્રવણયંત્ર, કૃત્રિમ દાંત અને સ્પાઈનલ સપોર્ટ જેવા સાધનો માત્ર ભૌતિક મદદ નથી, પરંતુ તેમના આત્મવિશ્વાસનો સબળ સહારો છે.

# મેયર, ધારાસભ્ય, મનપા અને નાગરિકોના શ્રમદાનથી ૪૬ ટન કચરાનો નિકાલ

## 'એક તારીખ, એક કલાક, એક સાથે' અંતર્ગત શહેરના જવાહર મેદાન ખાતે મહા સફાઈ અભિયાન યોજાયું

ભાવનગર,તા.૨

રાજ્ય સરકારના "સ્વચ્છતા હી સેવા-૨૦૨૬" અભિયાન અંતર્ગત તા. ૦૧ ઓકટોમબરના રોજ ભાવનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના જવાહર મેદાન ખાતે સવારે ૭:૩૦ થી ૮:૩૦ વાગ્યા દરમિયાન "મહા સફાઈ અભિયાન" યોજવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાનમાં મેયર, પૂર્વ વિસ્તારના ધારાસભ્ય, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મનપા કમિશનર, નગરસેવકો, અધિકારીઓ-કર્મચારીઓ સહિત સ્થાનિક હોટેલ સ્ટાફ, ગુરુદ્વારાના સ્વયંસેવકો અને શહેરીજનોએ ઉત્સાહભેર શ્રમદાન કર્યું હતું. મહાનગરપાલિકાએ ૪ જેસીબી, ૫ ટ્રેક્ટર અને ૨ ટ્રક જેવા મશીનરીના ઉપયોગથી અંદાજિત ૪૬ ટન વેસ્ટ એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કર્યો હતો. મનપા દ્વારા આગામી ૨ ઓક્ટોબરથી ૪ ઓક્ટોબર સુધી જવાહર મેદાન ખાતે સઘન સફાઈ ઝુંબેશ ચાલુ રખાશે, જેમાં નાગરિકોને શ્રમદાન કરવા અપીલ કરવામાં આવી છે.

# એસ.ટી. વિભાગે ગંદકી કરનારા પાસેથી રૂ. ૪,૮૧૦ દંડ વસૂલાયો

ભાવનગર,તા.૨

ગુજરાત એસ.ટી. નિગમના ભાવનગર વિભાગ દ્વારા બસ સ્ટેન્ડ પરિસરમાં સ્વચ્છતા જાળવવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. "સ્વચ્છતા હી સેવા" ઉદ્દેશ્ય અંતર્ગત જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરનારા અને પાન-મસાલાની પીચકારી મારી ગંદકી ફેલાવનારાઓ સામે તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભાવનગર, તળાજા, મહુવા, પાલીતાણા, ગારીયાધાર, બરવાળા, બોટાદ અને ગઢડા ડેપો ખાતેથી કુલ ૪૮૦ કેસ કરી રૂ. ૪,૮૧૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. એસ.ટી. પ્રશાસને મુસાફરોને બસ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને દંડથી બચવા અપીલ કરી છે.

# ડાંગર, મકાઈ, બાજરી, જુવાર અને રાગીની ટેકાના ભાવે ખરીદી કરાશે

## ખેડૂતોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન મારફતે ગ્રામ પંચાયત કક્ષાએ નોંધણી કરાશે

ભાવનગર,તા.૧

ભારત સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે વિવિધ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડાંગર (કોમન) માટે રૂ. ૨,૪૪૧/-, ડાંગર (ગ્રેડ-એ) માટે રૂ. ૨,૪૬૧/-, મકાઈ માટે રૂ. ૨,૪૧૦/- અને રાગી માટે રૂ. ૫,૨૦૫/- પ્રતિ ક્વિન્ટલ ભાવ નિયત કરાયા છે. આ ઉપરાંત બાજરી માટે રૂ. ૨,૯૦૦/-, જુવાર (હાઈબ્રીડ) માટે રૂ. ૪,૦૨૩/- અને જુવાર (માલદંડી) માટે રૂ. ૪,૦૭૩/- પ્રતિ ક્વિન્ટલ ઉપરાંત રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ વધારાનું બોનસ આપવામાં આવશે. આ તમામ પાકોની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે હાથ ધરવામાં આવશે.

ટેકાના ભાવે પાક વેચવા ઈચ્છુક ખેડૂતો માટે સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તા. ૦૨/૧૦/૨૦૨૬ થી ૩૧/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરવામાં આવશે, જ્યારે પ્રત્યક્ષ ખરીદી તા. ૧૬/૧૧/૨૦૨૬ થી ૧૫/૦૧/૨૦૨૭ દરમિયાન થશે. નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અધ્યતન ૭/૧૨ અને ૮/અ ના ઉતારા, વાવણી અંગેનો તલાટીનો દાખલો તથા બેંક ખાતાની વિગતો સાથે ગ્રામ પંચાયતનો સંપર્ક કરવાનો રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ નોંધણી અને જથ્થાની ખરીદી કરવામાં આવશે. નોંધણી કરાવેલ ખેડૂતોને ખરીદી માટે જીસ્જી મારફતે જાણ કરાશે. ચકાસણી દરમિયાન ખોટા ડોક્યુમેન્ટ જણાશે તો રજીસ્ટ્રેશન રદ થશે. નોંધણી અંગેની સહાય માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવા ભાવનગર જિલ્લા પુરવઠા અધિકારી અને જિલ્લા મેનેજર (ગ્રેડ-૧) દ્વારા જણાવાયું છે.

# ભાવનગરમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ દ્વારા પંચાહ્નિકા મહોત્સવનું આયોજન

## ધર્મચક્ર તપના પારણા ઉત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો અને સંગીતમય કાર્યક્રમો યોજાશે 'આદિ ઓરા' કાર્યક્રમ બનશે મુખ્ય આકર્ષણ

ભાવનગર,તા.૧

ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘના ઉપક્રમે સામુદાયિક ધર્મચક્ર તપના મંગલમય પારણા ઉત્સવ અંતર્ગત આગામી સપ્તાહમાં ભવ્યાતિભવ્ય પંચાહ્નિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગચ્છનાયક આચાર્ય ભગવંત વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા ભાવનગરમાં બિરાજમાન શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાનારા આ મહોત્સવમાં ભાવનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર વિશિષ્ટ ભક્તિમય ઉત્સવ 'આદિ ઓરા' યોજાશે.

મહોત્સવનો પ્રારંભ તા. ૪-૧૦ ને રવિવારે સવારે ૬-૩૦ કલાકે તપસ્વીઓની ભવ્ય રજવાડી શોભાયાત્રાથી થશે. ત્યારબાદ તા. ૭ ને બુધવારે સવારે ૭ કલાકે ગચ્છનાયકના મુખે અંતિમ અઠ્ઠમ તપના પચ્ચક્ખાણ સાથે પૂ. પંન્યાસ તત્વરૂચિવિજયજી મ.સા. અને પૂ. સાધ્વી હીકારરેખાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનો કૃષ્ણનગરમાં પ્રારંભ થશે. બપોરે ૨-૩૦ કલાકે દાદાસાહેબ ડોમ ખાતે તપસ્વીઓના તપ વધામણાં અને સામૂહિક સાંજી યોજાશે, જ્યારે રાત્રે ૭-૩૦ કલાકે કૃષ્ણનગર ખાતે સ્વરકાર સ્મિત કોઠારીનો 'આદિ ઓરા' કાર્યક્રમ રજૂ કરાશે.

આ ઉપરાંત તા. ૮ ને ગુરુવારે સવારે ૬-૩૦ કલાકે તમામ જિનાલયોમાં અર્હદ્ અભિષેક અનુષ્ઠાન અને સવારે ૯ કલાકે કૃષ્ણનગર ઉપાશ્રયમાં ૪૫ આગમનની પૂજા ભણાવાશે. તા. ૯મીએ ધર્મચક્ર મહાપૂજન અને તા. ૧૦મીએ દાદાસાહેબ વિભાગમાં ગુરુપાદુકા પૂજન યોજાશે. અંતમાં તા. ૧૧મીએ સવારે ૮ કલાકે શાસનસમ્રાટ નગર (વાજયાઈ હોલ, ટાઉનહોલ) ખાતે ધર્મચક્રના તપસ્વીઓનું મંગલમય પારણું સંપન્ન થશે.

# મહુવા ખાતે ધારાસભ્યના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા ઉત્સવ' યોજાયો

ભાવનગર,તા.૨

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મહુવાના ભીમરાવ સોસાયટી સ્થિત શાળા નંબર-૧૩ ખાતે ધારાસભ્ય શિવાભાઈ ગોહિલના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા ઉત્સવ' યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ બાળકોના પોષણ અને આરોગ્ય માટે સમાજ તથા પરિવારની સહભાગિતાને મહત્વની ગણાવી હતી. પ્રાંત અધિકારી સુસ્મિતા ઈપ્લાપલ્લીએ મહિલાઓને સ્વાસ્થ્ય અને પોષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં કુપોષણમુક્ત થયેલા બાળકોને ઈનામ તેમજ ફળ-સુખડીનું વિતરણ કરાયું હતું. સાથે જ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર આંગણવાડી અને આશા કાર્યકર બહેનોને સન્માનિત કરાયા હતા.

# નેસવડ દૂધ મંડળી અને સર્વોત્તમ ડેરીના સ્થાપક હરિભાઈ જોષીની સહકારી ક્ષેત્રે ચાર દાયકાની સેવા બદલ અભિવાદન

## નેસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના તથા તેના સ્થાપક એચ.આર. જોષીને ૪૦ વર્ષ પૂર્ણ થતાં સંતો, જિલ્લાભરના દૂધ મંડળીના કાર્યવાહકો, નેસવડ ગામ તરફથી શુભેચ્છા અને અભિનંદનની વર્ષા

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ -સર્વોત્તમ ડેરીના સ્થાપક એચ.આર. જોષીની સહકારી ક્ષેત્રે ૪૦ વર્ષની ઉજ્જવળ અને સંઘર્ષમય કારકિર્દી બદલ ભવ્ય અભિવાદન કરાયું, સાથોસાથ અહી નેસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ૪૦ વર્ષ પૂર્ણ થવાની ગૌરવપૂર્ણ ઉજવણી ભવ્યતાથી સંપન્ન કરવામાં આવી હતી.





આ સન્માન સમારંભમાં ગોપનાથ ગાદીપતિ પ. પૂ. સંત સીતારામ બાપુ, સનાતન ધર્મ પ્રચારક પ. પૂ. હિતે દાદા, પ. પૂ. મહામંડલેશ્વર ૧૦૦૮ ભગવાનદાસબાપુ (બહુચરધામ આશ્રમ, અધેવાડા) તેમજ પ. પૂ. વિશાલદાસબાપુ (સદગુરુ આશ્રમ-ભાવનગર), ભાગવતાચાર્ય પ્રહલાદભાઈ રાજયગુરુ, પિતા રામજીદાદા, દૂધ મંડળીમાંથી પધારેલા કાર્યવાહકો, કોન્ટ્રાક્ટરો હાજર રહ્યા હતા. આ તમામ સંતો-મહંતોએ સાલ ઓઢાડી તેમજ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં નેસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સ્થાપક અને સહકારી ચળવળના પ્રણેતા એચ.આર. જોષીએ એક નાના પાયા ઉપર શરૂ કરેલી સહકારી મંડળીથી લઈ શ્વેતક્રાંતિનો પાયો નાખવા સુધીની સંઘર્ષમય યાત્રાને ઉપસ્થિત મહાનુભાવોએ યાદ કરી હતી. હરિભાઈ જોષીના સતત પ્રયત્નો દ્વારા ટૂંકા ગાળામાં સર્વોત્તમ ડેરીએ ૧૦,૦૦૦ કરોડનું ટર્નઓવર પૂર્ણ કર્યું. તેઓના કરકસરપૂર્ણ વહીવટ, કોઠાસૂઝ, ફરજ નિષ્ઠા અને પ્રમાણિકપણે ફરજ બજાવનારા તેમજ સતત સંઘર્ષ થકી જિલ્લામાં અનેક રોજગારીનું તથા પશુપાલકોને ઘરેબેઠા દૂધના સારા ભાવ મળી રહે અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે તેમણે રાત-દિવસ કરેલી અથાગ મહેનત અને સર્વોત્તમ ડેરીને વિશ્વ ફલક પર ખ્યાતિ અપાવવાના તેમના પ્રદાનને સંતો-મહંતો દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.

તેમના પરિવારજનોએ કહ્યું હતું કે "અમારા પિતાજીએ ક્યારેય પરિવાર માટે સમય ફાળવ્યો નથી, માત્ર પરોપકારી જીવન તેઓ જીવી રહ્યા છે." આ ઐતિહાસિક ઉજવણીમાં મોટી સંખ્યામાં પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી એલસીબીના હાથે ચડયો

ભાવનગર,તા.૨

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શિહોર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ભોળાદ ગામની પ્રાથમિક શાળા પાસેથી વોન્ટેડ આરોપી ગોપાલભાઈ નરશીભાઈ વાઘેલા (ઉં.વ.૩૨, રહે. ઉંડવી)ને ઝડપી પાડ્યો છે.સઘન પૂછપરછમાં આરોપી ધંધુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીના ગુના તેમજ ખેડા જિલ્લાના મહેમદાવાદ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં પણ વોન્ટેડ હોવાનો ખુલાસો થયો છે. LCBએ આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે આરોપીને શિહોર પોલીસ સ્ટેશને સોંપી ધંધુકા અને મહેમદાવાદ પોલીસને જાણ કરી છે.

# શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓનો યોજાયો ટેકનિકલ પ્રવાસ



ભાવનગરની શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓ માટે ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ બે દિવસીય ટેકનિકલ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો. જી. પી. વડોદરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વડોદરા સ્થિત 'ગેરી' ની મુલાકાત લઈ ધરોઈ, ઉકાઈ અને સરદાર સરોવર ડેમના સ્કેલ મોડલ્સની ટેકનિકલ જાણકારી મેળવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ અને કરજણ ડેમની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ફાઉન્ડેશન, સીસ્મિક સિસ્ટમ, ડ્રેનેજ ગેલેરી અને જળવિદ્યુત ઉત્પાદન વિશે પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું. પ્રો. એન. પી. સોનીના સંકલન હેઠળ યોજાયેલા આ પ્રવાસમાં અન્ય અધ્યાપકોએ પણ ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# દિવાળી પર્વ નિમિત્તે હંગામી ફટાકડા વેચાણ પરવાના માટે અરજી પ્રક્રિયા શરૂ

ભાવનગર,તા.૧

આગામી દિવાળી-૨૦૨૬ના પવિત્ર તહેવારો નિમિત્તે ભાવનગરમાં હંગામી ધોરણે ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છુક વેપારીઓ તેમજ જવાહર મેદાનમાં ફટાકડા વેચાણ અર્થે ભાડેથી જમીન મેળવવા રસ ધરાવતા વ્યક્તિઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. તંત્ર દ્વારા કામચલાઉ ફટાકડા વેચાણ માટે પરવાનો મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત રસ ધરાવતા અરજદારોએ તા. ૨૩/૧૦/૨૦૨૬ સુધીમાં નિયત નમૂનાના ફોર્મ સાથે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. અરજી કરવા માટે ફટાકડા વેચાણના પરવાનાનું અરજી ફોર્મ ડી.એમ. શાખામાંથી અને જવાહર મેદાનની જમીન ભાડે મેળવવાનું ફોર્મ મહેસૂલ શાખા, કલેક્ટર કચેરી ભાવનગર ખાતેથી રૂબરૂ મેળવવાનું રહેશે. ત્યારબાદ પાસપોર્ટસાઈઝના ૨ ફોટા, પરવાના ફીના ચલણની નકલ, આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ/રેશનકાર્ડ જેવા આધારો અને જગ્યાના નકશા સાથે ૩ નકલમાં ફોર્મ કલેક્ટર કચેરીની રજિસ્ટ્રી શાખામાં તા. ૨૩ ઓક્ટોબર સુધીમાં જમા કરાવવાના રહેશે. નિયત મુદત વીત્યા બાદ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની યાદીમાં જણાવાયું છે.

# અરવલ્લીમાં પોલીસ અને બિશ્નોઇ ગેંગનું સામસામું ફાયરિંગ

## પોશડોડા ભરેલી કારને રોકવા જતા માફિયાઓનું પોલીસ પર ફાયરિંગ, પોલીસે સામું ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ૧ આરોપીને પગમાં ગોળી વાગતા પકડાયો, પીઆઇ સહીત ૩ પોલીસ ઈજાગ્રસ્ત



મોડાસા,

અરવલ્લી જિલ્લાના માલપુર નજીક આવેલા મોરડુંગરી પાસે માદક પદાર્થોની હેરાફેરી કરતા શખ્સો અને પોલીસ વચ્ચે અથડામણની ઘટના બહાર આવી છે. અરવલ્લી પોલીસ દ્વારા પોશડોડા ભરેલી એક શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન આરોપીઓ દ્વારા નાસી જવાના ઈરાદે પોલીસ ટીમ પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં પોલીસે સ્વબચાવમાં વળતો જવાબ આપતા બંને પક્ષે સામસામે ૫ રાઉન્ડ જેટલું ફાયરિંગ થયું હતું. આખરે એક આરોપીને પગના ભાગે ગોળી વાગતા તેને ઝડપી લેવામાં પોલીસને મોટી સફળતા મળી છે.વહેલી સવારે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.આ શખ્સો બિશ્નોઇ ગેંગના માણસો હોવાનું ખુલ્યું હતું.

મળતી વિગતો અનુસાર, પોલીસે શંકાસ્પદ કારને રોકવાની કોશિશ કરતા જ બુટલેગરોએ પોલીસ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાનો સામનો કરતા અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એમ.એચ. ઝાલાએ જવાબી કાર્યવાહી રૂપે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબારના આ અવાજોથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ફાયરિંગની આ ઘટનામાં એક આરોપીને પગમાં ગોળી વાગી જતાં તે ઘાયલ થયો હતો, જેને પરિણામે પોલીસે ભારે જહેમત અને જીવના જોખમે પણ આરોપીને દબોચી લીધો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ સામસામી અથડામણ અને ઝપાઝપીમાં પોલીસ અધિકારીઓ અને જવાનોને પણ ઈજાઓ પહોંચી છે. જેમાં LCB PI એમ.એચ. ઝાલા, PSI પી.પી. સોલંકી તેમજ છજ્જૈં કલ્પેશભાઈ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળેથી અને આરોપીની કારની તપાસ લેતા પોલીસને બે ઘાતક હથિયારો મળી આવ્યા હતા. પકડાયેલા આરોપી પાસેથી એક અને કારમાંથી બીજી એમ કુલ બે માઉઝર પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્કમાં ફરી એકવાર કુખ્યાત બિશ્નોઇ ગેંગનું નામ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# દિલ્હીમાં SIRનો વિરોધ, AAP નેતાની અટકાયત

## ૧૧ મેટ્રો સ્ટેશન બંધ, જંતર-મંતર પર ફોર્સ તૈનાત; CJP મુંબઈમાં પ્રદર્શન કરશે



નવી દિલ્હી,

SIR પ્રક્રિયા વિરુદ્ધ દિલ્હીમાં લેફ્ટ, AAP અને સ્ટુડન્ટ યુનિયને શુક્રવારે વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે. AAP નેતા સૌરભ ભારદ્વાજ જેવા જંતર-મંતર પહોંચ્યા, તેમને અટકાયતમાં લેવામાં આવ્યા.પ્રદર્શન માટે AISA (ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિયેશન), RJD સાંસદ મનોજ ઝા અને વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે લોકોને જંતર-મંતર પર જોડાવાની અપીલ કરી છે.

જંતર-મંતર પર પોલીસ અને RAF તૈનાત કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે આસપાસના ૧૧ મેટ્રો સ્ટેશનોના આગામી આદેશ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. તેમાં જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય, રાજીવ ચોક, સેવા તીર્થ, મંડી હાઉસ અને લોક કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે. કોકરોચ જનતા પાર્ટી આજે સાંજે ૪ વાગ્યાથી મુંબઈના શિવાજી પાર્કમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ સાથે પ્રદર્શન કરવાની છે.

# ફ્લાયદુબઈ ઘટના બાદ પાઈલટની સુરક્ષા ઉપર ઊઠ્યા સવાલ

## ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઈલટ અને વરિષ્ઠ વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપી ચેતવણી

મુંબઈ,

ફ્લાયદુબઈની દુબઈથી તેલ અવીવ જતી ઉડાનમાં બનેલી ગંભીર ઘટના બાદ પાઈલટોના વર્તન અને તેમની વિચારધારાને સમજવા માટે નવી મૂલ્યાંકન પદ્ધતિ આવશ્યકતા હોવાનું મહત્વપૂર્ણ નિવેદન ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઈલટ અને વરિષ્ઠ વિમાન કમાન્ડર વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપ્યું છે.

૩૭ વર્ષમાં ૧૬ હજારથી વધુ કલાક ઉડાનનો અનુભવ ધરાવતા કરડેએ જણાવ્યું કે પાઈલટોની પસંદગી પ્રક્રિયા કડક હોવા છતાં વ્યક્તિની વિચારધારા ઉગ્રતાવાદી વલણને સમજવું મુશ્કેલ છે.

કરડેએ જણાવ્યું હતું કે ઉડ્ડયન ક્ષેત્રમાં કામગીરી સાથે નજીકથી સંકળાયેલા પાઈલટો અને અન્ય કર્મચારીઓના વર્તન તથા વલણનું મૂલ્યાંકન અને સતત દેખરેખ રાખવા માટે નવી વ્યવસ્થા સમયની જરૂરિયાત છે. ત્યાં સુધી ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ આસપાસના લોકો અને તેમના વર્તન અંગે સતર્ક, સક્રિય અને જવાબદાર રહેવું જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.ફ્લાયદુબઈની બોઈંગ ૭૩૭ મેક્સ ઉડાનમાં બનેલી આ ઘટનાએ વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્ર અને ખાસ કરીને પાઈલટ સમુદાયને હચમચાવી દીધો હોવાનું કરડેએ જણાવ્યું હતું.

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત:સાતના મોત

## પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે સામસામે જોરદાર ટક્કર, વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કઢાયા



નાગપુર,

મહારાષ્ટ્રના સૌથી ફાસ્ટેસ્ટ ગણાતા હિન્દુ હ્રદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગ એટલે કે સમૃદ્ધિ એક્સપ્રેસવે (Samruddhi Expressway) પર વધુ એક અત્યંત દર્દનાક અને ભીષણ માર્ગ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ થયાહોવાની માહિતી સામે આવી રહી છે.

મહારાષ્ટ્રના નાગપુર નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં સાત લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય ઘણા મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાની માહિતી પણ સૂત્રો દ્વારા મળી રહી છે. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે પિકઅપ વાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

પ્રાથમિક અહેવાલો મુજબ, સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આગળ જઈ રહેલા અથવા વળાંક લઈ રહેલા વાહનને પાછળથી પૂરઝડપે આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો તેનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિકો અને પેટ્રોલિંગ ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પિકઅપ વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. વાહનમાં સવાર સાત મુસાફરોના ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા, જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉદ્ઘાટન બાદથી જ સમૃદ્ધિ મહામાર્ગ પર અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. ઓવર સ્પિડિંગ (Over-speeding), ડ્રાઈવરોને આવતી ઊંઘનું ઝોકું (Highway Hypnosis) અને વાહનોના ટાયર ફાટવા જેવી સમસ્યાઓ જીવલેણ સાબિત થઈ રહી છે. ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને હાઈવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો છે અને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાનૂની તપાસ હાથ ધરાઈ છે.

# ગુજરાત સરકારના UCC બિલને રાષ્ટ્રપતિની મંજૂરી

## સંપત્તિ-વારસાઈમાં હવે મહિલાઓને સમાન હક, રાજ્યમાં UCCના કાયદાનો ગેજેટ સાથે જ અમલ શરૂ થઈ જશે



ગાંધીનગર,

ગુજરાત સરકારે વિધાનસભામાં પાસ કરેલા UCC બિલને આખરે રાજ્યપાલ બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ મંજૂરી આપી દેતા તેણે કાયદાનો સ્વરૂપ ધારણ કર્યો છે. રાજ્યમાં ઞ્ઞના કાયદાનો ગેજેટ સાથે જ અમલ શરૂ થઈ જશે. આ સાથે હવે સંપત્તિ વારસાઈમાં મહિલાઓને સમાન હક મળશે.

ગુજરાતની વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કૉડને લગતા બિલને મંજૂરી મળી ગયા બાદ રાજ્યપાલ પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તાક્ષર સાથે હવે ઞ્ઞ કાયદો બની ગયો છે. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની આખરી મંજૂરી મળ્યા બાદ ગુજરાત સરકારે 'ધી ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, ૨૦૨૬' (Gujarat Unifrom Civil Code, ૨૦૨૬) અંગેનું સત્તાવાર ગેઝેટ પ્રસિદ્ધ કરી દીધું છે. આ નવો કાયદો સમગ્ર ગુજરાત રાજ્યમાં તેમજ રાજ્ય બહાર રહેતા ગુજરાતના રહીશોને લાગુ પડશે.

બંધારણની કલમ ૩૬૬(૨૫) અને ૩૪૨ હેઠળ આવતા અનુસૂચિત જનજાતિ (ST) ના સભ્યો તથા બંધારણના ભાગ-૨૧ હેઠળ રક્ષિત પરંપરાગત અધિકારો ધરાવતા જૂથોને આ કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.લગ્ન સમયે યુવકની ઉંમર ૨૧ વર્ષ અને યુવતીની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ હોવી અનિવાર્ય છે. કાયદો અમલમાં આવ્યા બાદ થતા તમામ લગ્નોનું ૬૦ દિવસની અંદર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. જો નિયત સમયમાં નોંધણી નહી કરાવાય તો દંડની જોગવાઈ રાખવામાં આવી છે.

આ કાયદાથી તમામ ધર્મોની પરંપરાગત લગ્નવિધિઓ (જેમ કે સપ્તપદી, નિકાહ, આશીર્વાદ, આણંદ કારજ વગેરે) પર કોઈ રોક નથી.જીવિત જીવનસાથી હોય ત્યાં સુધી બીજા લગ્ન કરી શકાશે નહીં.લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા કે રહેવા માંગતા યુગલોએ રજિસ્ટ્રાર સમક્ષ સંયુક્ત નિવેદન આપીને નોંધણી કરાવવી પડશે.જો લિવ-ઈન સંબંધોનો અંત આવે, તો તેની જાણ પણ રજિસ્ટ્રારને સંયુક્ત કે એકતરફી સ્ટેટમેન્ટ આપીને કરવાની રહેશે.સમાન વારસાહક અને મિલકતનો અધિકાર કોઈ વ્યક્તિ વસિયતનામું કર્યા વગર અવસાન પામે તો તેની મિલકતમાં પત્ની/પતિ, સંતાનો અને માતા-પિતાને કાયદાકીય રીતે સમાન હિસ્સો મળશે.

બાળકોનો અધિકારઃ લગ્ન બહાર, સરોગસી કે દત્તક લીધેલા બાળકોને પણ જૈવિક બાળકોની જેમ જ કાયદાકીય અને વારસાહક સંબંધિત તમામ અધિકારો આપવામાં આવ્યા છે.છૂટાછેડા કે લગ્ન સંબંધિત વિવાદો માટે કોર્ટમાં જતાં પહેલાં પ્રિ-લિટિગેશન મેડિએશન (મધ્યસ્થતા)નો વિકલ્પ આપવામાં આવ્યો છે. લગ્ન નોંધણી વગર નોકરી કે સરકારી દસ્તાવેજોમાં વૈવાહિક સ્થિતિ બદલી શકાશે નહી.

# ગૌતમ અદાણી ફોર્બ્સની યાદીમાં ચમક્યા, દેશના સૌથી ધનિક વ્યક્તિ બન્યા

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને

નવીદિલ્હી,

ભારતના સૌથી ધનિક લોકોની એક નવી તસવીર સામે આવી છે. ગૌતમ અદાણીએ ફોર્બ્સ ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૬ માં ફરી એકવાર નંબર-૧ સ્થાન મેળવ્યું છે. અદાણી પરિવારની સંપત્તિમાં એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન (આશરે ૧.૯૮ લાખ કરોડ)નો વધારો થયો છે, જેના કારણે તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન (આશરે ૧૦.૮૧ લાખ કરોડ) થઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને છે. નોંધપાત્ર રીતે, નબળા શેરબજાર અને રૂપિયામાં ૮.૫% ઘટાડો હોવા છતાં, ભારતના ૧૦૦ સૌથી ધનિક વ્યક્તિઓની સંયુક્ત સંપત્તિ લગભગ ૧ ટ્રિલિયન રહી છે.

ગૌતમ અદાણી અને તેમનો પરિવાર ફોર્બ્સની ૨૦૨૬ ની ૧૦૦ સૌથી ધનિક ભારતીયોની યાદીમાં ટોચ પર છે. તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન હોવાનો અંદાજ છે. અદાણી પરિવારની સંપત્તિ એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન વધી છે. જો કે, આ સંપત્તિ ૨૦૨૨ માં લગભગ ૧૫૦ બિલિયનના રેકોર્ડ સ્તરથી નીચે છે. અદાણી ગ્રુપ હાલમાં એક મોટી વિસ્તરણ યોજના બનાવી રહ્યું છે અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં લગભગ ૧૦૦ બિલિયનનું રોકાણ કરવાની તૈયારી કરી રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી આ વખતે બીજા ક્રમે છે. તેમની કુલ સંપત્તિ ૮૬.૩ બિલિયન છે, જે અગાઉના અંદાજ કરતાં ૧૮.૭ બિલિયન ઓછી છે. રિલાયન્સના શેર ખાસ કરીને તેના રિટેલ બિઝનેસમાં માર્જિન દબાણથી પ્રભાવિત થયા હતા. દરમિયાન, અંબાણીની ટેલિકોમ કંપની, જિયો પ્લેટફોર્મ્સને આઈપીઓ માટે નિયમનકારી મંજૂરી મળી છે. આ આઈપીઓ આશરે ૩.૮ બિલિયન એકત્ર કરી શકે છે અને

# ત્રણ હજાર કરોડના ડ્રગ્સ સાથે પકડાયેલા પાંચ પાકિસ્તાની ૧ ૩મી સુધી રિમાન્ડ પર

## ૩ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું તે ઈરાની બોટ વલસાડના નારગોલ બંદરે લંગારવામાં આવી

અમદાવાદ,

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે.

ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા લક્ષદીપ નજીક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઈરાની બોટમાંથી અંદાજે ૩ હજાર કરોડની કિંમતનું ૫૨૬ કિલો સ્ઢ ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં ૫ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી આ કરોડો રૂપિયાના ડ્રગ્સ ભરેલી વિદેશી બોટને વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ બંદરે લંગારવામાં આવી છે. જ્યાં માછીમારોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું છે અને મરીન પોલીસ તેમજ એસઓજી દ્વારા બોટની ઝીણવટભરી તપાસ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે. એટીએસની તપાસમાં એવો ખુલાસો થયો છે કે, ઈરાનથી બોટ લોડ કરી તમિલનાડુની બોટને કન્સાઈનમેન્ટ સોંપવાનું કાવતરું હતું.પકડાયેલા પાકિસ્તાનીઓ પાસેથી ડ્રગ્સ માફિયાઓની લિંક અને હવાલા કાંડ અંગે પોલીસે પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ એનઆઈએ સહિતની એજન્સીઓ પણ તપાસમાં જોડાશે. ડ્રગ્સ કેસમાં પકડાયેલા આરોપી મોહમ્મદ યાકુબ બલુચી, શક્તિઉલ્લાહ, ફરીદુલ્લાહ, અહમદ ખાન અને વાહીદુલ્લાહ ખાનને એટીએસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે મેટ્રો કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા.

જ્યાં સરકારી વકીલ પી. આર. જોષીએ રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ આ બોટ ઈરાનથી લોડ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, જેથી તે દિશામાં પણ વધુ પૂછપરછ કરાશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક તમિલનાડુની 'થેલાપતિ' નામની બોટને ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ સોંપવાનું હતું કે કેમ તે અંગે પણ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આરોપીઓને કોના ઈશારે આ ડ્રગ્સનો પુરવઠો સપ્લાય કરવાનો હતો તેમજ આ અગાઉ પણ તેઓએ આવા કોઈ ગેરકાયદે કન્સાઈનમેન્ટ મોકલ્યા હતા કે કેમ તે અંગે પણ સઘન પૂછપરછ હાથ ધરાશે. આ ગેરકાયદે ગોરખધંધામાંથી આરોપીઓને અત્યાર સુધીમાં કેટલો નાણાકીય લાભ મળ્યો છે તે દિશામાં પણ એટીએસ તપાસનો દોર આગળ ધપાવશે. બીજી તરફ કેસની ગંભીરતાને ધ્યાને રાખીને એટીએસ આ પ્રકરણમાં સામેલ અન્ય બે શંકાસ્પદ કાવતરાખોરોની ભૂમિકા, આરોપીઓના નાણાકીય વ્યવહારો અને મોટા પાયે થયેલા હવાલા કાંડના નેટવર્કને વીંધી નાખવા કવાયત હાથ ધરશે.

# લવલીનાએ બોક્સિંગમાં ચીની ખેલાડીને હરાવી ગોલ્ડ જીત્યો

## પોતાના જન્મદિવસે જીત્યો ગોલ્ડ મેડલ, ૧૨ વર્ષ પછી ભારતીય મહિલા બોક્સિંગમાં ઈતિહાસ રચ્યો



નાગોયા,

ભારતની દિગ્ગજ બોક્સર, લવલીના બોર્ગોહેને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેણીએ મહિલા ૭૫ કિગ્રા વર્ગમાં ચીની બોક્સર જિયાચી બાઓને સર્વાનુમતે ૫-૦ થી હરાવી હતી. બાઓએ ફાઈનલમાં ગંદી રમત રમી હતી.

જોકે, લવલીનાએ તેના શિસ્તથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા અને ફાઈનલ જીતી. મહિલા બોક્સિંગમાં આ ભારતનો બીજો એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ છે. આ પહેલા, મેરી કોમે ૨૦૧૪ માં મહિલા બોક્સિંગમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આનો અર્થ એ થયો કે ભારતીય મહિલા બોક્સિંગે ૧૨ વર્ષ પછી એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીત્યો છે.

પોતાના જન્મદિવસ નિમિત્તે લવલીના બોર્ગોહેને શુક્રવારે ભારતને એક અમૂલ્ય ભેટ આપી. તેણે ઈતિહાસ રચતા દિગ્ગજ એમ.સી. મેરી કોમ બાદ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી માત્ર બીજી ભારતીય મહિલા બોક્સર બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ૨૮ વર્ષીય ભારતીય બોક્સરે આઈચી-નાગોયા ખાતે યોજાયેલી મહિલાઓની ૭૫ કિગ્રા વર્ગની રસાકસીભરી ફાઈનલમાં ચીનની ઝિયી બાઓને ૫-૦થી હરાવી હતી અને અગાઉની આવૃત્તિમાં જીતેલા રજત ચંદ્રક બાદ હવે એશિયન ગેમ્સનો સુવર્ણ ચંદ્રક પણ પોતાના નામે કર્યો હતો.

પ્રથમ રાઉન્ડમાં ૩-૨થી આગળ રહ્યા બાદ, બીજા રાઉન્ડમાં વિરોધી બોક્સર બાઓના આક્રમક પ્રહાર છતાં લવલીનાએ સંયમ જાળવી રાખ્યો હતો અને રાઉન્ડ ૪-૧થી પોતાના નામે કરી કુલ ૨-૦ની મજબૂત લીડ મેળવી લીધી હતી. આખરી રાઉન્ડમાં પણ નિયંત્રિત રમત દાખવીને તેણીએ ૪-૧થી રાઉન્ડ જીતીને કુલ ૫-૦થી સર્વાનુમતે ભવ્ય વિજય મેળવ્યો હતો.

### તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે ગોલ્ડ જીત્યો



એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૪મા દિવસે આજે ભારતે ૧૧મો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવીને ઈતિહાસ રચી દીધો. ભારત તરફથી કીર્તિ, કુમકુમ અને અંકિતાએ મુશ્કેલ સ્થિતિમાં સારી રમત દાખવતા આ જીત નોંધાવી હતી. એશિયન ગેમ્સના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ભારતની મહિલા રિકર્વ ટીમે એશિયન ગેમ્સમાં કોઈ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ મેચ શરૂઆતથી જ ટક્કરની રહી હતી. સ્થિતિ પણ અનુકુળ નહોતી. એટલા માટે બંને ટીમના ખેલાડીઓ માટે પરફેક્ટ ૧૦ નો સ્કૉર કરવો મુશ્કેલ હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

# મોબાઈલ યુગમાં નાના વેપારીની મોટી તાકાત

માર્કેટિંગની દુનિયામાં આજે એક નવો શબ્દ ખૂબ સંભળાય છે. તે શબ્દ છે સ્ક્રેપી માર્કેટિંગ. સ્ક્રેપી એટલે હિંમતવાન, જુસ્સાથી ભરેલો, ઓછામાંથી વધુ મેળવવાની ધગશ ધરાવતો. વિક્રેતા અથવા માર્કેટિંગ પર્સન.આપણા જૂના શાસ્ત્રોમાં સમયના ચાર ભાગ બતાવ્યા છે. આજના વિદ્વાનો સમયને જ્ઞાનના આધારે વહેંચે છે. તેઓ કહે છે કે આ જ્ઞાનનો યુગ છે. જેની પાસે જ્ઞાન છે તેની પાસે બધું છે. આ જ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ ઈન્ટરનેટે કર્યું છે. ઈન્ટરનેટ એ જ્ઞાનનો ધોરી માર્ગ છે. તેના કારણે ધંધા રોજગારની રીત સાવ બદલાઈ ગઈ છે. ધંધાનો આધાર ગ્રાહક સુધી પહોંચવા પર છે અને ગ્રાહક સુધી પહોંચવાનું સાધન એટલે માર્કેટિંગ.ત્રીસ ચાલીસ વર્ષ પહેલાનું માર્કેટિંગ અને આજનું માર્કેટિંગ વચ્ચે આસમાન જમીનનો ફરક છે. પહેલા વેપારી રાહ જોતો, ગ્રાહક દુકાને આવે તેની. આજે વેપારી ગ્રાહકના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં પહોંચી ગયો છે. કહેવાય છે કે દુનિયામાં બાળકોના જન્મ કરતા અનેકગણી ઝડપે નવી વેબસાઈટો બની રહી છે. માણસોના જીવન કરતા વધુ ઝડપે વિડિયો મુકાઈ રહ્યા છે. શોધયંત્રો પર દરરોજ અબજો શોધ થાય છે. આટલી ભીડમાં તમારો અવાજ ગ્રાહક સુધી પહોંચે તે જ સાચી કળા છે.આ કળાને સમજાવતું એક જાણીતું પુસ્તક છે. તેના લેખક કહે છે કે હવે ધંધો પહેલાની જેમ સામાન્ય રીતે ચાલશે નહીં. બધું બદલાઈ ગયું છે. ટેક્નોલોજીએ માર્કેટિંગની વ્યાખ્યા બદલી નાખી છે. પહેલા કહેવાતું કે ગ્રાહક રાજા છે. હવે ગ્રાહક રાજા ઉપરાંત ભાગીદાર પણ છે. તે વસ્તુ ખરીદે છે, વાપરે છે, અભિપ્રાય આપે છે અને બીજાને ભલામણ પણ કરે છે. સોશિયલ મીડિયાએ એક તરફી પ્રચારને અનેક તરફી સંવાદ બનાવી દીધો છે. ફેસબુક, વોટ્સએપ બિઝનેસ, ગુગલ બિઝનેસ જેવા સાધનોએ નાના વેપારીને પણ મોટું મેદાન આપ્યું છે. આ વસ્તુ માર્કેટિંગ ને લગતા એક પુસ્તકમાં સરસ રીતે સમજાવવામાં આવી છે.નિક વેસ્ટરગાર્ડ નામના લેખકે માર્કેટિંગનું એક અનોખું પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે ગેટ સ્ક્રેપી. આ પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે ઉત્તમ માર્કેટિંગ માટે સ્ક્રેપી એટલે કે જુસ્સાદાર, લડાયક માનસિકતાને બિરદાવવી જોઈએ. જો તમારી કંપની નાની હોય અને સાધનો પણ ઓછા હોય તો સ્ક્રેપી માર્કેટિંગ જરૂરી છે. સ્ક્રેપી માર્કેટિંગ તમારી ઓનલાઈન સ્ટ્રેટેજી અને યુક્તિઓ બંને પર ધ્યાન આપે છે. આ પ્રકારની વ્યૂહાત્મક વિચારસરણીમાં કૂદકો મારતા પહેલા જુઓ, વિચારો, પછી આગળ વધો. અહીં એક જૂની કહેવત લાગુ પડે છે કે મોટા લાભ માટે સરખું આયોજન કરો અને તેને સરખી રીતે સમજો. અહીં યુક્તિ એટલે તમે તમારા આયોજનને કઈ રીતે અમલમાં મૂકો છો તે સમજવું. તમારા માર્કેટિંગ આયોજનને એકદમ સરળ અને સ્પષ્ટ રાખો.ઈ.સ. ૧૯૮૩ની આસપાસ આ લેખકે સંબંધ આધારિત માર્કેટિંગની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે માત્ર માલ વેચો નહીં, સંબંધ બાંધો. ગ્રાહકની જરૂર સમજો, તેની વાત સાંભળો, તેને આદર આપો. વિશ્વાસ બંધાશે તો ધંધો આપમેળે વધશે. આ વાત આજે વધુ સાચી પડી છે. આજનો ગ્રાહક હોશિયાર છે. તેને છેતરી શકાતો નથી. તે સરખામણી કરે છે, સમીક્ષા વાંચે છે, પછી નિર્ણય લે છે. એટલે જે વેપારી સાચું બોલશે, નિયમિત સંપર્કમાં રહેશે, ફોલોઅપ લેશે, તે જ આગળ વધશે.સ્ક્રેપી માર્કેટિંગનો મૂળ મંત્ર છે કે સાધન ઓછા હોય તો ચિંતા ન કરો, યુક્તિ સારી રાખો. મોટી કંપની પાસે કરોડોનું બજેટ છે, નાના વેપારી પાસે નથી. પણ નાના વેપારી પાસે મહેનત છે, લગન છે, ગ્રાહકને નામથી ઓળખવાની તાકાત છે. તે દરરોજ દુકાન ખોલે છે, ગ્રાહક સાથે વાત કરે છે, તેના સુખ દુઃખમાં ભાગ લે છે. આ સંબંધ કોઈ જાહેરાતથી ખરીદી શકાતો નથી. સ્ક્રેપી માર્કેટિંગ કહે છે કે તમારી યોજના સરળ રાખો, સ્પષ્ટ રાખો. લોકો શું શોધે છે તે જાણો. તેમને શું જોઈએ છે તે સમજો. તેમના વિચારોનો આદર કરો. તેમને લાભ થાય તેવી વસ્તુ આપો. વેચાણ માટે દબાણ ન કરો.

અનુભવ કહે છે કે દસ લોકોને મળો તો ચાર રસ બતાવશે, એક ખરીદશે. સો લોકો સુધી પહોંચશો તો દસ ગ્રાહક મળશે. એટલે વધુ લોકો સુધી પહોંચવું, નિયમિત ફોલોઅપ કરવું, ધીરજ રાખવી, આ જ સફળતાની ચાવી છે. ડિજિટલ સાધનો આ કામને સહેલું બનાવે છે. મોબાઈલમાંથી જ ફોટો પાડી વોટ્સએપ પર મોકલો, ગ્રાહકના પ્રશ્નનો જવાબ આપો, નવી વસ્તુની માહિતી આપો. ખર્ચ નહીંવત્, અસર મોટી. આ જ મર્યાદિત સાધનોમાં ઉત્તમ પરિણામ મેળવવાની કળા છે.

ટૂંકમાં સ્ક્રેપી માર્કેટિંગ એટલે હિંમતથી, બુદ્ધિથી, ઓછા ખર્ચે વધુ લોકોના દિલ સુધી પહોંચવું. જે વેપારી આજના જ્ઞાનયુગમાં આ કળા શીખશે તે ટકશે અને વધશે. જે જૂની રીતને વળગી રહેશે તે પાછળ રહી જશે. સમય બદલાયો છે, ગ્રાહક બદલાયો છે, સાધનો બદલાયા છે. હવે માર્કેટિંગ પણ બદલવું પડશે. જુસ્સો, પ્રામાણિકતા અને નિયમિત મહેનત, આ ત્રણ જ આજના માર્કેટિંગના સાચા હથિયાર છે.

# આવતીકાલે ક. પરા ખાતે યોજાશે સેવાસેતુ

## વિવિધ યોજનાઓ અને પ્રમાણપત્રોનો સ્થળ પર જ અપાશે

ભાવનગર,તા.૨

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા અર્થે આવતીકાલે, તા. ૦૩/૧૦/૨૦૨૬ ના રોજ ખાસ 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ વાઈટ ગેટ, કરચલીયા પરા, પોલીસ સ્ટેશન સામે આવેલી શ્રી ભુતા રુગનાથ પ્રાથમિક શાળા નં. ૧૧ અને ૧૨ ખાતે સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી યોજાશે. જેમાં અરજીઓ સ્વીકારવાનો સમય બપોરે ૨:૦૦ વાગ્યા સુધીનો રહેશે.આ સેવાસેતુ કેમ્પમાં ગુમાસ્તા ધારા હેઠળની અરજીઓ, આવક, જાતિ, નોન-ક્રીમીલેયર, સિનિયર સિટીઝન પ્રમાણપત્રો, નિરાધાર સહાય, રેશનકાર્ડ, આધારકાર્ડ, અનુસૂચિત જાતિ કલ્યાણકારી યોજનાઓ તેમજ મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગતી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવશે. શહેરના વધુને વધુ નાગરિકોને આ યોજનાઓનો લાભ લેવા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મનપા દ્વારા ૧૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત, ૮૦ હજારથી વધુ દંડ

ભાવનગર,તા.૨

પર્યાવરણને નુકસાન પહોંચાડતા ૫૦ માઈક્રોનથી ઓછા પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ભાવનગર મહાનગરપાલિકા કમિશનરના આદેશથી સઘન ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન વિવિધ સ્થળોએથી ૭૯ વેપારીઓ પાસેથી ૧૦૦.૫ કિલોગ્રામથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ?૬૫,૫૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, ડસ્ટબિન ન રાખનારા અને ગમે ત્યાં કચરો કે થૂંકીને ગંદકી ફેલાવનારા ૫૩ આસામીઓ પાસેથી ?૧૫,૦૫૦ નો દંડ લેવાયો હતો. આમ, મનપાએ કુલ ૧૩૨ આસામીઓ પાસેથી રૂ.૮૦,૫૫૦ નો દંડ વસૂલ કર્યો હતો. મનપા દ્વારા શહેરીજનોને પ્લાસ્ટિકને બદલે કાપડ કે ઈકો-ફ્રેન્ડલી થેલીઓ વાપરવા અપીલ કરવામાં આવી છે.

## -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મોજે: સરતાનપર ગામની નીચે અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેની જમીનો સંપાદન થવા માટે સરકાર દ્વારા ૨૦૧૩ના અધિનિયમ નં-૩૦ હેઠળ અને ગુજરાત સરકારશ્રીના તા.૧૮/૦૮/૨૦૨૬ ના એક્સ્ટ્રા ઓડીનરી ગેઝેટ ભાગ-૧-બી ના પૃષ્ઠ નંબર ૯૫૭-૧ થી ૯૫૭-૬ તથા દૈનિક વર્તમાનપત્ર "સંદેશ સમાચાર" અને "પગદંડી સમાચાર" ગુજરાતીમાં તા.૦૬/૦૯/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ થયેલા કલમ-૧૯(૧) હેઠળના જાહેરનામાં ક્રમાંક: અમ-મ-૨૦૨૬-૮૪૨-જભવ-૧૭૨૦૨૫-૮૪૯-ચ, તા.૧૪/૦૮/૨૦૨૬ અનુસાર તળાજાના "સરતાનપર ચેકડેમ યોજના" માટે નીચે દર્શાવ્યા મુજબની સદરહુ જમીનનો કબજો સરકાર લેવા માંગે છે અને તે જમીનમાંના તમામ હિત માટે વળતર, પુનઃસ્થાપન અને પુનર્વસન અંગેના દાવા રજુ કરી શકાશે.

ગામ: સરતાનપર તા: તળાજા જિ: ભાવનગર

| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૯૪/૧ પૈકી ૧૩ | ૦-૨૫-૬૦ | જરાયત | લાખુભાઇ ભાણાભાઇ |
| ૨ | ૯૪/૧ પૈકી ૧૪ | ૦-૨૫-૬૦ | જરાયત | અમરતબેન પુનાભાઇ બાંભણીયા,<br>હર્ષાબેન પુનાભાઇ બાંભણીયા,<br>મિથુનભાઇ પુનાભાઇ બાંભણીયા,<br>ઇશ્વરભાઇ પુનાભાઇ બાંભણીયા,<br>દક્ષાબેન પુનાભાઇ બાંભણીયા,<br>અલ્પાબેન પુનાભાઇ બાંભણીયા |
| ૩ | ૯૪/૧ પૈકી ૧૫ | ૦-૨૫-૬૦ | જરાયત | અમરતબેન કાનાભાઇ બાંભણીયા,<br>રમેશભાઇ કાનાભાઇ બાંભણીયા,<br>ભુરાભાઇ કાનાભાઇ બાંભણીયા,<br>હકુભાઇ કાનાભાઇ બાંભણીયા,<br>હર્ષાબેન કાનાભાઇ બાંભણીયા,<br>રામુબેન વિષ્ણુભાઇ બાંભણીયા, |
| ૪ | ૯૪/૧ પૈકી ૧૬ | ૦-૨૫-૬૦ | જરાયત | વેલાભાઇ મંગાભાઇ મકવાણા,<br>નરશીભાઇ મંગાભાઇ મકવાણા |
| ૫ | ૯૪/૧ પૈકી ૧૭ | ૦-૨૫-૬૦ | જરાયત | બુધાભાઇ કાનાભાઇ સ.વા.બેનાબેન કાનાભાઇ |
| ૬ | ૯૪/૧ પૈકી ૧૮ | ૦-૨૫-૬૦ | જરાયત | શાંતિભાઈ વેલાભાઈ મકવાણા,<br>ઘેલાભાઈ વેલાભાઈ મકવાણા |
| ૭ | ૯૪/૧ પૈકી ૧૯ | ૦-૨૫-૬૦ | જરાયત | ગોદીબેન મીઠાભાઇ બાંભણીયા,<br>મધીબેન મીઠાભાઇ બાંભણીયા,<br>અનુબેન મીઠાભાઇ બાંભણીયા,<br>ચંપાબેન રમેશભાઇ બાંભણીયા,<br>નવઘણભાઇ રમેશભાઇ બાંભણીયા,<br>ગીતાબેન રમેશભાઇ બાંભણીયા,<br>મેહુલભાઇ રમેશભાઇ બાંભણીયા |
| ૮ | ૯૪/૧ પૈકી ૨૦ | ૦-૨૫-૬૦ | જરાયત | ડાયાભાઇ બેચરભાઇ |
| ૯ | ૯૪/૧ પૈકી ૨૧ | ૦-૨૫-૬૦ | જરાયત | ખાટાભાઇ જંબુરભાઇ |
| ૧૦ | ૯૪/૧ પૈકી ૨૨ | ૦-૨૫-૬૦ | જરાયત | કસ્તુરબેન બાબુભાઇ મકવાણા,<br>ભુપતભાઇ બાબુભાઇ મકવાણા,<br>જેન્તીભાઇ બાબુભાઇ મકવાણા,<br>શાંતિભાઇ બાબુભાઇ મકવાણા,<br>પાંચાભાઇ બાબુભાઇ મકવાણા |
| ૧૧ | ૯૪/૧ પૈકી ૨૩ | ૦-૨૫-૬૦ | જરાયત | અરજણભાઈ બાલુભાઈ,<br>કાશીબેન અરજણભાઇ બાંભણીયા તે અરજણભાઇ બાંભણીયાના પત્ની,<br>જશુભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>જયંતિભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>ભરતભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>હરેશભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>રામજીભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>શાંતિભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>પ્રભાતભાઇ અરજણભાઇ બાંભણીયા,<br>ભાવેશભાઇ અરજણભાઇ બાંભણીયા |
| ૧૨ | ૯૪/૧ પૈકી ૨૪ | ૦-૨૯-૧૦ | જરાયત | લખમણભાઇ ગોરડભાઇ |
| ૧૩ | ૯૪/૧ પૈકી ૨૫ | ૦-૨૧-૫૪ | જરાયત | લીલાબેન નાનુભાઈ મકવાણા,<br>મધુબેન નાનુભાઈ મકવાણા,<br>ગીતાબેન નાનુભાઈ મકવાણા,<br>રાજુભાઈ નાનુભાઈ મકવાણા,<br>સુરેશભાઈ નાનુભાઈ મકવાણા |
| ૧૪ | ૯૪/૧ પૈકી ૨૭ | ૦-૮૨-૯૬ | જરાયત | કાળીબેન માકાભાઇ બાંભણીયા,<br>મનજીભાઇ માકાભાઇ બાંભણીયા,<br>દવુબેન માકાભાઇ બાંભણીયા,<br>બેબીબેન માકાભાઇ બાંભણીયા,<br>પ્રવિણભાઇ માકાભાઇ બાંભણીયા,<br>સવિતાબેન ચોથાભાઈ બાંભણીયા,<br>રાજુભાઈ ચોથાભાઈ બાંભણીયા,<br>કૈલાસબેન ચોથાભાઈ બાંભણીયા,<br>નયનાબેન ચોથાભાઈ બાંભણીયા,<br>અસ્મિતાબેન ચોથાભાઈ બાંભણીયા,<br>કિરણભાઈ ચોથાભાઈ બાંભણીયા,<br>નરેશભાઈ ચોથાભાઈ બાંભણીયા |
| ૧૫ | ૯૪/૧ પૈકી ૨૮ | ૦-૮૦-૯૪ | જરાયત | બસીબેન જીણાભાઇ મકવાણા,<br>બાજુબેન જીણાભાઇ મકવાણા, |
| | | | | જાનુબેન જીણાભાઇ મકવાણા,<br>રંભાબેન જીણાભાઇ મકવાણા,<br>મમતાબેન જીણાભાઇ મકવાણા,<br>લાભુબેન જીણાભાઇ મકવાણા,<br>બુધાભાઇ જીણાભાઇ મકવાણા,<br>રૂપાબેન જીણાભાઇ મકવાણા,<br>હંસાબેન ખીમાભાઇ મકવાણા,<br>મનીષાબેન ખીમાભાઇ મકવાણા,<br>સંતોષ ખીમાભાઇ મકવાણા |
| ૧૬ | ૯૪/૧ પૈકી ૨૯ | ૦-૮૦-૯૪ | જરાયત | દુદાભાઇ સામતભાઇ |
| ૧૭ | ૯૪/૧ પૈકી ૩૦ | ૦-૮૦-૯૪ | જરાયત | પ્રમાભાઇ લાલાભાઇ |
| ૧૮ | ૯૪/૧ પૈકી ૩૧ | ૦-૮૦-૯૪ | જરાયત | મીઠાભાઇ સામતભાઇ |
| ૧૯ | ૯૪/૧ પૈકી ૩૨ | ૦-૮૦-૯૪ | જરાયત | લીલુબેન બચુભાઇ મકવાણા,<br>લાભુબેન બચુભાઇ મકવાણા,<br>મુક્તાબેન બચુભાઇ મકવાણા,<br>મીનાક્ષીબેન બચુભાઇ મકવાણા,<br>રાજુભાઇ બચુભાઇ મકવાણા |
| ૨૦ | ૯૪/૧ પૈકી ૩૩ | ૦-૮૦-૯૪ | જરાયત | મકવાણા દિવાળીબેન અરજણભાઈ,<br>મકવાણા ધીરાભાઈ અરજણભાઇ,<br>મકવાણા ધુસાભાઈ અરજણભાઈ,<br>મકવાણા વિનાભાઇ અરજણભાઈ,<br>મકવાણા ગીધાભાઈ અરજણભાઇ,<br>મકવાણા નટુભાઇ અરજણભાઇ,<br>મકવાણા ક્રિષ્નાબેન અરજણભાઇ |
| ૨૧ | ૯૪/૧ પૈકી ૩૪ | ૦-૮૦-૯૪ | જરાયત | દિવાળીબેન બાલાભાઇ,<br>સનાભાઇ બાલાભાઇ,<br>અશોકભાઇ બાલાભાઇ,<br>કાનાભાઇ સુખાભાઇ,<br>લીલીબેન મોહનભાઈ બાંભણીયા,<br>જેન્તીભાઈ મોહનભાઈ બાંભણીયા,<br>મનોજભાઈ મોહનભાઈ બાંભણીયા,<br>પ્રતાપભાઈ મોહનભાઈ બાંભણીયા,<br>ચંદુભાઈ મોહનભાઈ બાંભણીયા,<br>સાજન ગીરીશભાઈ બારૈયા,<br>સીમા ગીરીશભાઈ બારૈયા,<br>રાહુલ ગીરીશભાઈ બારૈયા |
| ૨૨ | ૯૪/૧ પૈકી ૩૫ | ૦-૮૦-૯૪ | જરાયત | ચોથીબેન જંબુરભાઇ બાંભણીયા,<br>અજવાળીબેન જંબુરભાઇ બાંભણીયા, |
| | | | | કમુબેન જંબુરભાઇ બાંભણીયા,<br>મનાભાઇ જંબુરભાઇ બાંભણીયા,<br>ભુપતભાઇ જંબુરભાઇ બાંભણીયા,<br>મંગુબેન ખાટાભાઇ બાંભણીયા,<br>કુમાર ખાટાભાઇ બાંભણીયા,<br>બાજુબેન ભીમાભાઇ બાંભણીયા,<br>ગોવિંદભાઇ ભીમાભાઇ બાંભણીયા,<br>તુળશીભાઇ ભીમાભાઇ બાંભણીયા,<br>લીલુબેન ભીમાભાઇ બાંભણીયા,<br>બટુકભાઇ ભીમાભાઇ બાંભણીયા,<br>હીમુબેન ચિથરભાઇ બાંભણીયા,<br>શિવાભાઇ ચિથરભાઇ બાંભણીયા,<br>હિરાભાઇ ચિથરભાઇ બાંભણીયા,<br>માવજીભાઇ ચિથરભાઇ બાંભણીયા |
| ૨૩ | ૯૪/૧ પૈકી ૩૬ | ૦-૮૨-૯૬ | જરાયત | બાબુભાઈ જેઠાભાઇ મકવાણા,<br>વિનુભાઇ જેઠાભાઇ મકવાણા,<br>જીતુભાઇ જેઠાભાઇ મકવાણા,<br>વસંનબેન જેઠાભાઇ મકવાણા,<br>હંસાબેન જેઠાભાઇ મકવાણા,<br>રેખાબેન જેઠાભાઇ મકવાણા |
| ૨૪ | ૯૪/૧ પૈકી ૩૭ | ૦-૮૨-૯૬ | જરાયત | હીરૂબેન ભવાનભાઈ બાંભણીયા,<br>વસંતબેન ભવાનભાઈ બાંભણીયા,<br>જયાબેન ભવાનભાઈ બાંભણીયા,<br>ગંગાબેન ભવાનભાઈ બાંભણીયા,<br>જાનકીબેન ભરતભાઈ બાંભણીયા,<br>ભાર્ગવભાઈ ભરતભાઈ બાંભણીયા,<br>વૈશાલીબેન ભરતભાઈ બાંભણીયા,<br>ભાવિનભાઈ ભરતભાઈ બાંભણીયા સગીરના વાલી ભાર્ગવભાઈ ભરતભાઈ બાંભણીયા |
| ૨૫ | ૯૪/૧ પૈકી ૩૮ | ૦-૮૦-૯૪ | જરાયત | જસુભાઇ ફાફાભાઇ |
| ૨૬ | ૯૪/૧ પૈકી ૩૯ | ૦-૮૨-૯૬ | જરાયત | વેજાભાઇ ગભાભાઇ,<br>મલુ શંભુભાઇ |
| ૨૭ | ૯૪/૧ પૈકી ૪૦ | ૦-૮૨-૯૬ | જરાયત | રાધીબેન બાબુભાઇ મકવાણા,<br>ભટુરભાઇ બાબુભાઇ મકવાણા,<br>શંભુભાઇ બાબુભાઇ મકવાણા,<br>વજુભાઇ બાબુભાઇ મકવાણા,<br>રૂપાબેન બાબુભાઇ મકવાણા |
| ૨૮ | ૯૪/૧ પૈકી ૪૧ | ૦-૪૪-૪૮ | જરાયત | રાજાભાઇ જેરામભાઇ, |
| | | | | ઉજીબેન રાજાભાઇ મકવાણા,<br>ગિરિશભાઇ રાજાભાઇ મકવાણા,<br>ભાવેશભાઇ રાજાભાઇ મકવાણા,<br>ધરમેશભાઇ રાજાભાઇ મકવાણા,<br>ભરતભાઇ રાજાભાઇ મકવાણા,<br>દેવુબેન રાજાભાઇ મકવાણા |
| ૨૯ | ૯૪/૧ પૈકી ૪૩ | ૦-૮૦-૯૪ | જરાયત | રુડાભાઇ કાનાભાઇ,<br>ત્રિકમભાઇ કાનાભાઇ,<br>લક્ષ્મીબેન કાનાભાઇ,<br>રસીબેન કાનાભાઇ,<br>નંદુબેન તે સ્વ.કાનાભાઇના પત્નિ |
| ૩૦ | ૯૪/૧ પૈકી ૪૪ | ૦-૮૦-૯૪ | જરાયત | લાખાભાઇ કેશવભાઇ |
| ૩૧ | ૯૪/૧ પૈકી ૪૫ | ૦-૮૦-૯૪ | જરાયત | પાંચાભાઇ સામતભાઇ |
| ૩૨ | ૯૪/૧ પૈકી ૪૬ | ૦-૮૦-૯૪ | જરાયત | મંગુબેન બાબુભાઈ વાજા,<br>હકુબેન બાબુભાઇ વાજા,<br>પાતુબેન બાબુભાઇ વાજા,<br>કરશનભાઇ બાબુભાઇ વાજા |
| ૩૩ | ૯૪/૧ પૈકી ૪૭ | ૦-૮૦-૯૪ | જરાયત | દિવાળીબેન બાલાભાઇ મકવાણા,<br>બાધીબેન બાલાભાઇ મકવાણા,<br>છનાભાઇ બાલાભાઇ મકવાણા,<br>બેબીબેન બાલાભાઇ મકવાણા,<br>લાભુબેન બાલાભાઇ મકવાણા,<br>અશોકભાઇ બાલાભાઇ મકવાણા |
| ૩૪ | ૯૪/૧ પૈકી ૪૮ | ૦-૮૦-૯૪ | જરાયત | જમનાબેન ધીરાભાઇ મકવાણા,<br>ભુપતભાઇ ધીરાભાઇ મકવાણા,<br>મનુભાઇ ધીરાભાઇ મકવાણા,<br>ઓધાભાઇ ધીરાભાઇ મકવાણા,<br>હંસાબેન ધીરાભાઇ મકવાણા,<br>જીવનભાઇ ધીરાભાઇ મકવાણા |
| ૩૫ | ૯૪/૧ પૈકી ૪૯ | ૦-૮૦-૯૪ | જરાયત | સોમાતભાઇ ટપુભાઇ |
| ૩૬ | ૯૪/૧ પૈકી ૫૦ | ૦-૮૦-૯૪ | જરાયત | બીજલભાઇ સોમાતભાઇ |
| ૩૭ | ૯૪/૧ પૈકી ૫૨ | ૦-૪૪-૩૬ | જરાયત | જમકુબેન ટપુભાઇ મકવાણા,<br>સવિતાબેન જેઠાભાઇ મકવાણા,<br>બાબુભાઇ જેઠાભાઇ મકવાણા,<br>વિનુભાઇ જેઠાભાઇ મકવાણા,<br>જીતુભાઇ જેઠાભાઇ મકવાણા,<br>વસંનબેન જેઠાભાઇ મકવાણા,<br>હંસાબેન જેઠાભાઇ મકવાણા, |
| | | | | રેખાબેન જેઠાભાઇ મકવાણા |
| ૩૮ | ૯૪/૨ પૈકી ૪ | ૦-૮૭-૦૧ | જરાયત | અંબાબેન બેચરભાઈ બાંભણીયા,<br>ડાહ્યાભાઈ બેચરભાઈ બાંભણીયા,<br>ગોદીબેન બેચરભાઈ બાંભણીયા,<br>ભુરીબેન બેચરભાઈ બાંભણીયા,<br>રામજીભાઈ બેચરભાઈ બાંભણીયા,<br>દુલાભાઈ બેચરભાઈ બાંભણીયા,<br>ધનીબેન બેચરભાઈ બાંભણીયા,<br>શામજીભાઈ બેચરભાઈ બાંભણીયા |
| ૩૯ | ૯૪/૨ પૈકી ૫ | ૦-૮૭-૦૧ | જરાયત | મંગુબેન નરશીભાઇ મકવાણા,<br>કુવરબેન નરશીભાઇ મકવાણા,<br>જયાબેન નરશીભાઇ મકવાણા,<br>હંસાબેન નરશીભાઇ મકવાણા,<br>સુનિલભાઇ શિવાભાઇ બાંભણિયા,<br>સંજયભાઇ શિવાભાઇ બાંભણિયા,<br>અનિતાબેન શિવાભાઇ બાંભણિયા સ.વા શિવાભાઇ બાંભણિયા,<br>નવઘણભાઈ રમેશભાઈ બાંભણીયા,<br>ગીતાબેન રમેશભાઈ બાંભણીયા,<br>મેહુલભાઈ રમેશભાઈ બાંભણીયા |
| ૪૦ | ૯૪/૨ પૈકી ૬ | ૦-૮૭-૦૧ | જરાયત | સમજુબેન નરશીભાઇ બાંભણીયા,<br>દેવુબેન નરશીભાઇ બાંભણીયા,<br>મજુબેન નરશીભાઇ બાંભણીયા,<br>રમેશભાઇ નરશીભાઇ બાંભણીયા,<br>અરવિંદભાઇ નરશીભાઇ બાંભણીયા |
| ૪૧ | ૨૬૬/૧ પૈકી ૧ | ૦-૪૨-૫૧ | જરાયત | રાધાબેન બચુભાઇ બાંભણીયા,<br>વિઠ્ઠલભાઇ બચુભાઇ બાંભણીયા,<br>પોપટભાઇ બચુભાઇ બાંભણીયા,<br>દિનેશભાઇ બચુભાઇ બાંભણીયા,<br>જિતુભાઇ બચુભાઇ બાંભણીયા,<br>બેબીબેન બચુભાઇ બાંભણીયા,<br>ટીણીબેન બચુભાઇ બાંભણીયા,<br>જાલુબેન બચુભાઇ બાંભણીયા |
| ૪૨ | ૨૬૬/૧ પૈકી ૨ | ૦-૪૦-૪૭ | જરાયત | ધિરૂભાઈ કેશવભાઈ મકવાણા,<br>બાજુબેન કેશવભાઈ મકવાણા,<br>મંજુબેન કેશવભાઈ મકવાણા,<br>શાંતુબેન કેશવભાઈ મકવાણા,<br>વિનુભાઈ કેશવભાઈ મકવાણા, |

| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
|---|---|---|---|---|
| | | | | અમૃતબેન રમેશભાઈ મકવાણા, વિક્રમભાઈ રમેશભાઈ મકવાણા, પ્રવિણભાઈ દાનાભાઈ વાજા, લીલુબેન દાનાભાઈ વાજા, સોનલબેન રમેશભાઈ મકવાણા, ભાવુબેન દાનાભાઈ વાજા, સંજયભાઈ રમેશભાઈ મકવાણા, ચંદુભાઈ દાનાભાઈ વાજા |
| ૪૩ | ૨૬૬/૧ પૈકી ૩ | ૦-૩૮-૫૫ | જરાયત | મંગાભાઇ છગનભાઇ, બાંભણીયા બાજુબેન મંગાભાઇ, બાંભણીયા ચકુબેન મંગાભાઇ, બાંભણીયા ગોરધનભાઈ મંગાભાઇ, બાંભણીયા લાભુબેન મંગાભાઇ, બાંભણીયા હંસાબેન મંગાભાઇ, બાંભણીયા ગોવિંદભાઈ મંગાભાઇ |
| ૪૪ | ૨૬૬/૧ પૈકી ૪ | ૦-૩૬-૬૦ | જરાયત | જેઠીબેન પુનાભાઇ મકવાણા, અમરતબેન પુનાભાઇ મકવાણા, હળુબેન પુનાભાઇ મકવાણા, સોનાબેન પુનાભાઇ મકવાણા, માણેકબેન પુનાભાઇ મકવાણા, ગોરધનભાઇ પુનાભાઇ મકવાણા, લાખુબેન બોઘાભાઇ મકવાણા તે બોઘાભાઇ મકવાણાના પત્નિ, નિલેશભાઇ બોઘાભાઇ મકવાણા, ગીતાબેન બોઘાભાઇ મકવાણા, શોભનાબેન બોઘાભાઇ મકવાણા, મુન્નાભાઇ બોઘાભાઇ મકવાણા |
| ૪૫ | ૨૬૬/૧ પૈકી ૫ | ૦-૮૦-૯૪ | જરાયત | સુખાભાઈ મોહનભાઈ, મંગુબેન સુખાભાઈ મકવાણા, સનાભાઈ સુખાભાઈ મકવાણા, મધુબેન સુખાભાઈ મકવાણા, અશોકભાઈ સુખાભાઈ મકવાણા, સોમીતાબેન સુખાભાઈ મકવાણા, પ્રતાપભાઈ સુખાભાઈ મકવાણા, નીતેશભાઈ સુખાભાઈ મકવાણા |
| ૪૬ | ૨૬૬/૧ પૈકી ૬ | ૦-૫૮-૪૪ | જરાયત | બીજલભાઇ છગનભાઇ |
| ૪૭ | ૨૬૬/૧ પૈકી ૭ | ૦-૮૦-૯૪ | જરાયત | મકવાણા હીરૂબેન ચોથાભાઈ, મકવાણા ભરતભાઇ ચોથાભાઈ, |
| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
| | | | | મકવાણા હંસાબેન ચોથાભાઈ, મકવાણા મેઘજીભાઇ ચોથાભાઈ, મકવાણા રેખાબેન ચોથાભાઈ, મકવાણા કિશોરભાઇ ચોથાભાઈ, મકવાણા ચકુબેન ચોથાભાઈ, મકવાણા માવજીભાઇ ચોથાભાઈ |
| ૪૮ | ૯૫/૧૨ પૈકી ૧ | ૦-૬૭-૪૫ | જરાયત | મનુભાઈ શીબાભાઈ કુતાણી, રશીલાબેન મનુભાઇ કુતાણી (રાઠોડ), અનિલ મનુભાઇ કુતાણી (રાઠોડ), મુકેશભાઇ મનુભાઇ કુતાણી (રાઠોડ) |
| ૪૯ | ૯૫/૧૨ પૈકી ૧/પૈકી ૧ | ૦-૫૩-૯૫ | જરાયત | જીણાભાઈ શીબાભાઈ કુતાણી |
| ૫૦ | ૯૫/૧૨ પૈકી ૧/પૈકી ૨ | ૦-૪૦-૪૭ | જરાયત | ગોપાલ ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ) |
| ૫૧ | ૯૫/૧૨ પૈકી ૧/પૈકી ૩ | ૦-૪૦-૪૭ | જરાયત | લાભુબેન ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ), આશાબેન ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ), મીનાબેન ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ), દયાબેન ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ), વર્ષાબેન ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ), ગોવિંદભાઇ ધીરજલાલ ઉર્ફે ધીરૂભાઇ કુતાણી (રાઠોડ) |

આથી ઉપરોકત જમીનમાં કે જમીન ઉપર કોઇ મકાન, ઇમારત, કે અન્ય હક્ક કે હિત ધરાવતી સર્વે વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે તેમણે તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ઉપર લખ્યા સરનામે અત્રેની કચેરીમાં સવારના ૧૧:૩૦ કલાકે સંપાદન હેઠળની જમીનમાંના તમારા હિતનો પ્રકાર, તે માટેના વળતર અંગેના હક્કદાવાની વિગત તથા રકમ અને અધિનિયમની કલમ-૧૨ હેઠળ માપ અંગે કોઇ વાંધો હોય તો તે જણાવવા માટે જાતે કે તમારા પ્રતિનિધિ સાથે જરૂરી ઓળખપત્ર તેમજ અન્ય આધાર-પુરાવાની નકલો સાથે હાજર રહેવુ.

સ્થળ: તળાજા
તા.૨૯/૦૯/૨૦૨૬
માહિતી-ભાવ-૭૦૫-૨૬

(જે.કે.રાવળ)
જમીન સંપાદન અધિકારી
અને નાયબ કલેકટર-તળાજા


**બરવાળા નગરપાલિકા બરવાળા**
**ટેન્ડર નોટીસ(૨૦૨૬-૨૭)**
**ઓનલાઈન ટેન્ડર**

આથી બરવાળા નગરપાલિકા તરફથી ઓનલાઈન ટેન્ડર સરકારશ્રીની ગ્રાન્ટ/સ્વભંડોળ માંથી મંજુર થયેલ કામો માટે યોગ્ય અનુભવી ઈજારદારો(ગવર્નમેન્ટ રજીસ્ટર કોન્ટ્રાકટર) પાસેથી મંગાવવામાં આવે છે.
આ કામોના ઓનલાઈન ટેન્ડર http://www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન તથા ઓફલાઈન ટેન્ડર બરવાળા નગરપાલિકા કચેરીના સમયગાળામાં મેળવી લેવાના રહેશે. આ કામોના ટેન્ડર તા.૦૧/૧૦/૨૦૨૬ થી તા.૨૧/૧૦/૨૦૨૬ સુધી ભરવાના રહેશે. ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરીને તા.૨૬/૧૦/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી મળી રહે તે રીતે મોકલવાના રહેશે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂા. | ફી |
|---|---|---|---|
| | ઓનલાઈન | | |
| ૧ | PROVIDING MANPOWER IN VARIOUS DIFFERENT DEPARTMENT AT BARWALA NAGARPALIKA | આઈટમ રેટ ટેન્ડર | ટેન્ડર ફી- 2400.00 EMD- 50000.00 |

ફીઝીકલ ડોક્યુમેન્ટ ઓપન કરવાની સંભવિત તારીખ:-૨૭/૧૦/૨૦૨૬ (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અગત્યના ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરી, બરવાળાને આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/પોસ્ટથી ઉપરોક્ત તારીખ સુધી મોકલવાના રહેશે). કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અબાધિત અધિકાર નગરપાલિકાનો રહેશે. કામ અંગેની માન્ય શરતો તથા વિગતો નગરપાલિકા ઓફિસેથી મળશે. વધુમાં ટેન્ડર ઉપર કામનું નામ અવશ્ય લખવું.
માહિતી-ભાવ-૬૯૬-૨૬ બરવાળા નગરપાલિકા


# દોઢ મહિનાથી ગુમ યુવકનું પરિવાર સાથે સુખદ મિલન કરાવતા સામાજિક કાર્યકર ભરત મોણપરા

## અકસ્માતમાં ઘવાયેલા દાહોદના યુવકને સર ટી. હોસ્પિટલમાં સારવાર અપાવી વાલીઓને સુપ્રત કરાયો

ભાવનગર,તા.૧
દાહોદ જિલ્લાના ગરબડા તાલુકાના ગંગેડી ગામનો ૨૦ વર્ષીય યુવક વિજય ઘરેથી કહ્યા વગર નીકળી ગયો હતો અને દોઢ મહિનાથી ગુમ હતો. ભાવનગરમાં ભાજપ કાર્યાલય સામે ફૂટપાથ પર અકસ્માતમાં હાથ ભાંગેલી હાલતમાં રહેતા આ યુવક પર ૨૯ સપ્ટેમ્બરે સામાજિક કાર્યકર ભરત મોણપરાની નજર પડી હતી.

તેમણે યુવકને ભોજન કરાવી વિગતો મેળવી ગરબડાના પૂર્વ નગરસેવક હિતેશભાઈ સોલંકી મારફતે તેના પરિવારનો સંપર્ક કર્યો હતો. હાથમાં અસહ્ય દુખાવો હોવાથી તેને સર ટી. હોસ્પિટલમાં દાખલ કરાવી ભરત મોણપરા અને ગેવરિયાભાઈએ રાત-દિવસ તેની સંભાળ લીધી હતી. ૩૦ સપ્ટેમ્બરના રોજ ભાવનગર પહોંચેલા પરિવારે હરખના આંસુ સાથે પુત્રનો કબજો મેળવી ભરત મોણપરાનો આભાર માન્યો હતો.

# પાલીતાણા કોર્ટના ચેક રિટર્ન કેસમાં તકસીરવાન ઠરેલ નાસતા-ફરતા આરોપીને સુરતથી ઝડપી લેવાયો

ભાવનગર,તા.૨
પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. જાડેજાની સૂચના મુજબ, પાલીતાણા કોર્ટના ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા પામેલ આરોપી કિશોરભાઈ દેવશીભાઈ વાઘેલા (રહે. થોરાળી-ડેમ, તા. પાલીતાણા) ગેરહાજર રહી સુરત ભાગી ગયો હતો.સુરતમાં હીરા ઘસવાનું કામ કરતા આ આરોપીને પાલીતાણા રૂરલ પોલીસે સુરત ક્રાઈમ બ્રાંચ, ટેકનિકલ સેલ અને હ્યુમન સોર્સની મદદથી ઝડપી પાડ્યો હતો. કોર્ટે જેલ વોરંટ આપતા આરોપીને ભાવનગર ડિસ્ટ્રિક્ટ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર વર્કશોપ**
**AMI જનરેશન પ્લાન્ટનું ડિઝાઈન, સપ્લાય, બાંધકામ, સ્થાપન અને કમિશનિંગ**
**ઈ-ટેન્ડર નંબર:** BVPW-2026-27-AMI **કામનું નામ:** ભાવનગર વર્કશોપ ખાતે બાયો-ટેસ્ટિંગ લેબોરેટરી સાથે AMI જનરેશન પ્લાન્ટનું ડિઝાઈન, સપ્લાય, બાંધકામ, સ્થાપન અને કમિશનિંગ. **કામની અંદાજિત કિંમત:** ₹1,50,55,455.37/- **બિડ સિક્યોરિટી (બિડ સુરક્ષા):** ₹3,01,100/- **કામ પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી થયાની તારીખથી 30 મહિના. **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 22/10/2026, 10:30 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 22/10/2026, 11:00 કલાકે. **વેબસાઈટ વિગતો:** ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિક રીતે https://www.ireps.gov.in વેબસાઈટ પર જ સબમિટ કરવાનું રહેશે. **જારી કરનાર:** નાયબ મુખ્ય યાંત્રિક ઈજનેર, મુખ્ય વર્કશોપ મેનેજરની કચેરી, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. **ઈ-મેલ:** dycmews@bvp.railnet.gov.in BVP 141
અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**
**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**
**ઈ-ટેન્ડર નંબર 167-2026-27 થી 170-2026-27**

| નં. | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર કિંમત રૂ. | ઈએમડી રૂ. |
|---|---|---|---|
| 1 | 167 -2026-27 જેતલસર સ્ટેશન: ADEE TRD JLR માટે નવા કાર્યાલય ભવનનું નિર્માણ. | 44,82,368.08 | 89,700.00 |
| 2 | 168-2026-27 ADEN-જેતલસર સબ ડિવિઝન: SSE-P-Way ગોંડલ હેઠળ આઉટસોર્સિંગ દ્વારા વિવિધ P. Way જાળવણીના કામો 02 (બે) વર્ષના સમયગાળા માટે કરવા.વર્ષ 2026-28. | 3,49,60,565.52 | 6,99,200.00 |
| 3 | 169-2026-27 ADEN-જેતલસર સબ ડિવિઝન: SSE-P-Way જેતલસર હેઠળ આઉટસોર્સિંગ દ્વારા વિવિધ P. Way જાળવણીના કામો 02 (બે) વર્ષના સમયગાળા માટે કરવા.વર્ષ 2026-28. | 2,19,92,205.67 | 4,39,900.00 |
| 4 | 170-2026-27 કામનું નામ: ADEN જેતલસરના અધિકારક્ષેત્ર હેઠળના વિવિધ સ્ટેશનો પર સર્વિસ બિલ્ડિંગમાં સુધારણા અને મરમ્મતના કામો. | 99,89,818.85 | 1,99,800.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 08/10/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 22/10/2026 ઉપરોક્ત ટેન્ડર NIT ને રેલવે **વેબસાઈટ** www.ireps.gov.in પર તારીખ - 30/09/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. BVP 142
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**ઓન લાઈન જાહેર નિવીદા નં.૨૧/૨૦૨૬-૨૭**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯–૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ગ્રામ પંચાયત | ૨ કામ | ૮૦ લાખ |
| આયોજન | ૨ કામ | ૯૨ લાખ |

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૧૨/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૧૩/૧૦/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૬૯૯-૨૬



"જળ એજ જીવન"
**ગુજરાત સરકાર**
**નર્મદા,જળસંપત્તિ,પા.પુ.અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. ૧૮ સને ૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઇજનેરશ્રી, ભાવનગર જળસિંચન વિભાગ સિંચાઇ સંકુલ, પાનવાડી,ભાવનગર.(ફોન નં.૦૨૭૮-૨૫૧૫૭૩૭) દ્વારા ઈન્સ્ટોલેશન ઓફ વેરીયર્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એટ લાખણકા અને હમીપરા સિંચાઇ યોજના (ત્રીજો પ્રયત્ન) જેની અંદાજીત રકમ રૂ.૭.૦૬ લાખ જે માટે ઓનલાઈન ટેન્ડરો "કંપનીનું રજીસ્ટ્રેશન/ કન્સલ્ટન્ટ/ કોન્ટ્રાક્ટર/ મેન્યુફેકચર/સરકારી સંસ્થાનું રજીસ્ટ્રેશન રજુ કરવાનું રહેશે" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. તથા આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની તારીખ:૦૧-૧૦-૨૦૨૬ થી તા.૧૨-૧૦-૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક સુધી રહેશે શક્ય હશે તો ટેન્ડર તા.૧૨-૧૦-૨૦૨૬ ના ૧૮:૦૫ કલાક રોજ વિગતવાર નિવિદામાં જણાવ્યા પ્રમાણે ઓન લાઈન ખોલવામાં આવશે. બાનાની રકમ, ટેન્ડર ફી રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ મારફત તા.૧૩-૧૦-૨૦૨૬ થી તા.૧૯-૧૦-૨૦૨૬ સુધીમાં કચેરી સમય દરમ્યાન પહોંચતા કરવાના રહેશે વિગતવાર નિવિદા માહિતિ ખાતાની વેબ સાઈટwww.statetenders.gujrat.govt.in ઉપર તથા https://tender.nprocure.com પર જોઇ શકાશે.

હવે પછી જે કાઇ સુધારો વધારો કરવામાં આવશે જે ફક્ત ઓનલાઇન જોવાનો રહેશે.

માહિતી-ભાવ-૭૦૦-૨૬



**જાહેર નિવિદા**
**ગુજરાત સરકાર**
**વન વિભાગ**
**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સામાજીક વનીકરણ વિભાગ બોટાદ**
**ફોન નંબર: (૦૨૮૪૯) ૨૭૧૩૧૮**
e-mail ID :-forest.btd@gmail.com
**ટેન્ડર નોટીસ નં. 9/2026-27 (First Try)**

નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, બોટાદ હેઠળ બોટાદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવનાર "સાંસ્કૃતિક વન / કલ્ચરલ ફોરેસ્ટ / પાર્ક" ખાતે લેન્ડસ્કેપ પ્લાનની ડિઝાઇન, અમલીકરણ અને મોનીટરીંગ, બાંધકામ કામોના અંદાજ તથા સ્ટ્રક્ચરલ ડિઝાઇન તૈયાર કરવા અને ટેક્નિકલ સેન્કશન મેળવવા, ટેન્ડર દસ્તાવેજો તૈયાર કરવા, વિવિધ ઘટકો માટે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની વિશેષ માળખાકીય સુવિધાઓનું આયોજન તથા અમલીકરણ કરવા તેમજ સ્થળ પર યોજાનાર વિવિધ સમારંભોનું આયોજન કરવાની કામગીરી માટે ઇજારદાર/એજન્સીઓ/વ્યક્તિઓને સુચિબધ્ધ (Empanelment) કરવા રસ ધરાવતા ઇજારદાર /એજન્સીઓ/વ્યક્તિઓ પાસેથી નીચે વિગતેના ટેન્ડર આઇ.ડી નંબર થી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ટેન્ડર ફોર્મ તેમજ ટેન્ડર નું વિગતવાર વર્ણન વેબસાઇટ https://tender.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. જેનો અભ્યાસ કરી ટેન્ડરમાં જણાવેલ સુચના મુજબની કાર્યવાહી કરી શકો છો. તેમજ હવે પછી આ ટેન્ડર અંગે કોઇ સુધારા વધારા કે સુચનાઓ હશે તો તે જાહેરાત દ્વારા જણાવવામાં આવશે. જે ધ્યાને લઇને કાર્યવાહી કરવાની રહેશે.

| વિભાગનું નામ | ટેન્ડર નંબર/ટેન્ડર આઇ.ડી.નંબર............ |
|---|---|
| સામાજીક વનીકરણ વિભાગ-બોટાદ | 09/2026-27(પ્રથમ પ્રયત્ન) |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડીંગ તથા સબમિશનની છેલ્લી તારીખ & સમય | તા.16-10-2026 સમય: 18:10 કલાક |
| ફિઝિકલ ટેન્ડર ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા.23-10-2026 સમય:18:10 કલાક (Will be accepted during office Hours only |
| ટેકનીકલ તથા ફાઇનાન્શીયલ ટેન્ડર બીડ ખોલવાની તારીખ તથા સમય (અથવા અનુકુળતા મુજબ) | Dt.26-10-2026 Time 12:00 hrs.(or as per convenience) |

વધુ વિગતો ઉક્ત વેબસાઈટ ઉપર જોવા મળશે.
માહિતી-ભાવ-૭૦૧-૨૬

નાયબ વન સંરક્ષક
સામાજિક વનીકરણ વિભાગ
બોટાદ


**-:: જાહેર નોટીસ ::-**

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મોજે: પાદરી(ગો) ગામની નીચે અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેની જમીનો સંપાદન થવા માટે સરકાર દ્વારા ૨૦૧૩ના અધિનિયમ નં-૩૦ હેઠળ અને ગુજરાત સરકારશ્રીના તા.૦૧/૦૯/૨૦૨૬ ના એકસ્ટ્રા ઓડીનરી ગેઝેટ ભાગ-૧-બી ના પૃષ્ઠ નંબર ૧૦૧૦-૧ થી ૧૦૧૦-૪ તથા દૈનિક વર્તમાનપત્ર "સંદેશ સમાચાર" ગુજરાતીમાં તા.૧૨/૦૯/૨૦૨૬ અને "આજકાલ સમાચાર" ગુજરાતીમાં તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ થયેલા કલમ-૧૯(૧) હેઠળના જાહેરનામાં ક્રમાંક: અમ-મ-૨૦૨૬-૯૨૬-જભવ-૧૪૨૦૨૫-૯૪૮-ચ, તા.૨૫/૦૮/૨૦૨૬ અનુસાર તળાજાના "મણાર-ભારાપરા-પાદરી-તરસરા રોડને (કોસ્ટલ હાઈવે) ચારમાર્ગીય"ના જાહેર હેતુ માટે નીચે દર્શાવ્યા મુજબની સદરહુ જમીનનો કબજો સરકાર લેવા માંગે છે અને તે જમીનમાંના તમામ હિત માટે વળતર, પુન:સ્થાપન અને પુનર્વસન અંગેના દાવા રજુ કરી શકાશે.

ગામ: પાદરી(ગો) તા: તળાજા જિ: ભાવનગર

| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૬ | ૦-૨૮-૮૯ | જરાયત | નંદલાલ ભીખાભાઈ, ભાનુશંકર ભીખાલાલ, કિશોરભાઇ ભીખાલાલ, જમકુબેન ભીખાલાલ, મંજુલાબેન ભીખાલાલ |
| ૨ | ૨૨૮ પૈકી ૧ | ૦-૨૭-૬૭ | જરાયત | સુજાનસિંહ નારુભા, હેમુબાતે સ્વ.નારુભાના પત્નિ, હંસાબા નારુભા, ધરમબા નારુભા, પુરણબા નારુભા, કાળુભા નારુભા |
| ૩ | ૨૨૮ પૈકી ૨ | ૦-૨૨-૮૭ | જરાયત | જગદિશસિંહ મોબુભા |
| ૪ | ૨૩૨ | ૦-૦૦-૧૧ | જરાયત | ભરતસિંહ જેઠુભા ગોહિલ, જયપાલસિંહ જેઠુભા ગોહિલ, કિશોરસિંહ જેઠુભા ગોહિલ |
| ૫ | ૨૩૩ પૈકી ૧ | ૦-૦૫-૧૭ | જરાયત | છતુભા ખુમાનસંગ |
| ૬ | ૨૩૩ પૈકી ૨ | ૦-૨૩-૪૬ | જરાયત | હંસાબા અજીતસિંહ, મહાવિરસિંહ અજીતસિંહ, બળદેવસિંહ અજીતસિંહ, જયરાજસિંહ અજીતસિંહ, જ્ઞાનબા અજીતસિંહ |
| ૭ | ૨૩૪/પૈકી ૧ | ૦-૧૧-૯૦ | જરાયત | શીવજી આનંદ, માયાબેન શીવજીભાઇ વઘાસીયા, મમતાબેન શીવજીભાઇ વઘાસીયા, |
| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
| | | | | ડિમ્પલબેન શીવજીભાઇ વઘાસીયા, લલેશભાઇ શીવજીભાઇ વઘાસીયા, હિરલબેન શીવજીભાઇ વઘાસીયા |
| ૮ | ૨૩૫ | ૦-૦૭-૫૫ | જરાયત | વસંતબેન શીવભાઈ, દીનેશભાઈ શીવાભાઈ, ઈસાબેન શીવાભાઈ, જીગ્નેશ શીવાભાઈ, શીવાભાઇ પરસોતમભાઇ |
| ૯ | ૨૩૬ | ૦-૧૫-૯૦ | જરાયત | કીશોરભાઈ ધીરુભા, દીલુભા ધીરુભા, રણજીતસિંહ ધીરુભા, |
| ૧૦ | ૨૩૭ | ૦-૦૩-૫૨ | જરાયત | પ્રવિણસિંહ દાનુભા ગોહિલ, નરેન્દ્રસિંહ દાનુભા ગોહિલ, સુરેન્દ્રસિંહ દાનુભા ગોહિલ, ભાવુભા દાનુભા ગોહિલ |
| ૧૧ | ૨૩૮ | ૦-૦૧-૫૯ | જરાયત | કેશુભા મલુજી |
| ૧૨ | ૨૩૯ | ૦-૦૦-૭૬ | જરાયત | ટપુભા બાપુભા |
| ૧૩ | ૨૪૦ | ૦-૧૮-૨૯ | જરાયત | જુવાનસિંહ તખુભા, હરદેવસિંહ તખુભા, જયાબા તખુભા, સુમનબા તખુભા, દિલહરબા તખુભા, ગુલાબબા તખુભા, કુલીબા તખુભાતે ગુ.વિધવા સ્વ.જીલુભા તખુભાના વિધવા |
| ૧૪ | ૨૪૧ | ૦-૧૩-૮૦ | જરાયત | રામબા મહોબતસિંહ ઉર્ફે મોબુભા ગોહીલ તે મહોબતસિંહ ઉર્ફે મોબુભા ના પત્નિ, જગદિશસિંહ મહોબતસિંહ ઉર્ફે મોબુભા ગોહિલ, છાયાબા મહોબતસિંહ ઉર્ફે મોબુભા ગોહિલ, નરેન્દ્રસિંહ મહોબતસિંહ ઉર્ફે મોબુભા ગોહિલ, માયાબા મહોબતસિંહ ઉર્ફે મોબુભા ગોહિલ |
| ૧૫ | ૨૪૮ | ૦-૦૯-૮૧ | જરાયત | નાનજીભાઈ કેશવભાઈ, પાંચીબેન નાનજીભાઈ કુચા, પોપટભાઇ નાનજીભાઈ કુચા, નાગજીભાઈ નાનજીભાઈ કુચા, લાભુબેન નાનજીભાઈ કુચા, મધુબેન નાનજીભાઈ કુચા, સવિતાબેન નાનજીભાઈ કુચા |
| અ.નં. | સર્વે નં./ બ્લોક નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | જમીનનો પ્રકાર | હિતધારક/કબજેદારનું નામ |
| ૧૬ | ૨૪૯ | ૦-૨૧-૨૦ | જરાયત | નટુભાઈ મોહનભાઈ, સવિતાબેન શંભુભાઇ કુકડીયા તે શંભુભાઇ ના પત્નિ, સેજલબેન શંભુભાઇ કુકડીયા, સિયાબેન શંભુભાઇ કુકડીયા, કમલેશ શંભુભાઇ કુકડીયા, દિવ્યાબેન શંભુભાઇ કુકડીયા, શ્રધ્ધાબેન શંભુભાઇ કુકડીયા સ.વા સવિતાબેન શંભુભાઇ કુકડીયા, લક્ષ્મીબેન નટુભાઇ કુકડીયા તે નટુભાઇ કુકડીયાના પત્ની, કિંજલબેન નટુભાઇ કુકડીયા, વિવેક નટુભાઇ કુકડીયા |
| ૧૭ | ૨૪૯/પૈકી ૧ | ૦-૨૨-૦૭ | જરાયત | ચંપાબેન ગણેશભાઈ બલર, મંજુબેન ઉર્ફે મંજુલાબેન લવજીભાઇ માંડાણી |
| ૧૮ | ૨૫૦ | ૦-૦૬-૦૨ | જરાયત | હરેશ કુરજી |

આથી ઉપરોકત જમીનમાં કે જમીન ઉપર કોઇ મકાન, ઇમારત, કે અન્ય હક્ક કે હિત ધરાવતી સર્વે વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે તેમણે તા.૧૩/૧૦/૨૦૨૬ ના રોજ ઉપર લખ્યા સરનામે અત્રેની કચેરીમાં સવારના ૧૧:૩૦ કલાકે સંપાદન હેઠળની જમીનમાંના તમારા હિતનો પ્રકાર, તે માટેના વળતર અંગેના હક્કદાવાની વિગત તથા રકમ અને અધિનિયમની કલમ-૧૨ હેઠળ માપ અંગે કોઇ વાંધો હોય તો તે જણાવવા માટે જાતે કે તમારા પ્રતિનિધિ સાથે જરૂરી ઓળખપત્ર તેમજ અન્ય આધાર-પુરાવાની નકલો સાથે હાજર રહેવુ.

સ્થળ: તળાજા
તા.૨૯/૦૯/૨૦૨૬
માહિતી-ભાવ-૭૦૪-૨૬

(જે.કે.રાવળ)
જમીન સંપાદન અધિકારી
અને નાયબ કલેકટર-તળાજા

# ગાંધીજયંતી નિમિતે ભાજપ-કોંગ્રેસના રાજકીય અને સામાજિક આગેવાનોએ આપી પુષ્પાંજલિ

## સર્વધર્મ પ્રાર્થના અને ખાદીની સામૂહિક ખરીદી દ્વારા બાપુના વિચારોને કરાયા યાદ







તમામ તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨

આજે ૨જી ઓક્ટોબરે પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ભાવનગર ખાતે વિવિધ રાજકીય અને સામાજિક સંગઠનો દ્વારા રાષ્ટ્રપિતાને નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપ અને કોંગ્રેસના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા સામાજિક આગેવાનોએ ઉપસ્થિત રહીને મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પુષ્પાંજલિના કાર્યક્રમ બાદ સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ એકસૂરે બાપુના અહિંસા અને સત્યના માર્ગે ચાલવાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. આ સાથે રાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓએ ખાદી ભવન ખાતેથી ખાદીની સામૂહિક ખરીદી કરીને સ્વદેશીના સંદેશને આગળ વધાર્યો હતો.

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી અને સાંસદ નિમુબેન બાંભણીયા, ભાવનગર પૂર્વ મત ક્ષેત્રના ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા, શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહ તથા મહામંત્રીઓ સહિતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

તેવી જ રીતે કોંગ્રેસ પક્ષ તરફથી મહાનગરપાલિકાના વિપક્ષના નેતા ભરતભાઈ બુધેલીયા, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ લાલભા ગોહિલ, પૂર્વ કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના સભ્યો, વિવિધ મોર્ચાના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અમરગઢ ખાતે કેન્દ્રીય મંત્રીઓએ 'લખપતિ દીદીઓ' સાથે કર્યો સંવાદ

# મહિલા સશક્તિકરણથી ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનશેઃ કેન્દ્રીય મંત્રી વીરેન્દ્રકુમાર



ભાવનગર,તા.૨

ભાવનગરના સિહોર તાલુકાના અમરગઢ ખાતે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડૉ. વીરેન્દ્રકુમાર અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાએ સ્વસહાય જૂથની 'લખપતિ દીદી' બહેનો સાથે સંવાદ કરી તેમની આજીવિકા પ્રવૃત્તિઓ અને સફળતાની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. વીરેન્દ્રકુમારે જણાવ્યું હતું કે, સ્વસહાય જૂથની બહેનો પરંપરાગત કળા, E-કોમર્સ અને સરસ મેળાઓ થકી આત્મનિર્ભર બની ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત કરી રહી છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નારી સશક્તિકરણના વિઝનને બિરદાવતાં ગુજરાતની બહેનો ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં 'આંગણ કા ઉત્સવ' યોજાયો

## બાળકોને ફળ-સુખડી અને મહિલાઓને ટી.એચ.આર.નું વિતરણ, કાર્યકરોનું બહુમાન



ભાવનગર,તા.૨

ભાવનગર મહાપાલિકાની આઈ.સી.ડી.એસ. શાખા (અર્બન-૨) દ્વારા આખલોલ જકાતનાકા સેજા હેઠળના આંગણવાડી કેન્દ્ર નં. ૧૫/૨ અને ૧૬/૨ ખાતે "આંગણ કા ઉત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર તેમજ કેન્દ્રીય ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાળ વિકાસ, પોષણ અને માતા-બાળ આરોગ્ય વિષયક વિવિધ પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ તકે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા વર્કર બહેનોને સન્માનપત્ર આપી બહુમાન કરાયું હતું. ઉપરાંત, આંગણવાડીના બાળકોને સુખડી તથા ફળનું વિતરણ અને સગર્ભા, ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને ટી.એચ.આર.અર્પણ કરવામાં આવ્યું હતું.મહાનુભાવોએ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ હાથ ધરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી સહિત મનપાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાવનગરમાં મેયરના અધ્યક્ષ સ્થાને 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' યોજાયો

# પૂર્વ સૈનિકો અને શહીદ વીર જવાનોના પરિવારોનું બહુમાનઃ હાઈફા યુદ્ધની શૂરવીર પરંપરા વાગોળાઈ




ભાવનગર,તા.૨

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગાંધીનગરના રમતગમત વિભાગ તથા ભાવનગર જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યશવંતરાય નાટ્યગૃહ ખાતે મેયર ઉષાબેન તલરેજાના અધ્યક્ષસ્થાને 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' યોજાયો હતો. આ પ્રસંગે દેશની રક્ષા કામે સમર્પિત પૂર્વ સૈનિકો અને શહીદ વીર જવાનોના પરિવારજનોનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ સૈનિક લાન્સ નાયક માલદેવસિંહ ગોહિલે ભાવનગરની શૂરવીર પરંપરા અને પ્રથમ વિશ્વયુદ્ધના હાઈફા યુદ્ધમાં સૈનિકોના શૌર્યને યાદ કરી યુવાનોને દેશસેવા કામે સમર્પિત થવા પ્રેરણા આપી હતી. અમર જવાન જ્યોતિને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ દેશભક્તિના સંગીતમય કાર્યક્રમથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી રજિસ્ટ્રાર ભાવેશભાઈ જાની, પુરવઠા અધિકારી કેતનભાઈ ચાવડા, યુવા વિકાસ અધિકારીઓ, પૂર્વ સૈનિક સેવા પરિષદના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ભાવેણાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.




"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર | ઘર ઘર સ્વદેશી

### સંદેશો

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**

# ભાવનગર જિલ્લાના ૬ શખ્સોએ ગોવાથી મંગાવેલા વિદેશી દારૂ સાથે ચાર ઝડપાયા

## પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા ૩૬૪ બોટલ વિદેશી દારૂ અને કાર સહિત રૂ. ૧ લાખથી વધુનો મુદામાલ જપ્ત





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨

ભાવનગર શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડના ગેટ પાસે જાહેર રોડ પરથી પેરોલ ફર્લો સ્કવોડે બાતમીના આધારે દરોડો પાડી પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂના મોટો જથ્થા સાથે ૪ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે દારૂ, કાર અને થેલા મળી કુલ રૂ. ૧,૦૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પેરોલ ફર્લો સ્કવોડનો સ્ટાફ પાનવાડી સર્કલ પાસે પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે એસ.ટી. બસ સ્ટેન્ડના ગેટ પાસે દરોડો પાડતાં, શંકાસ્પદ હાલતમાં ઉભેલા હીતેશભાઇ પ્રભુદાનભાઇ ગઢવી (રહે. ભાવનગર), પ્રિત ઉર્ફે કાનો હરેશભાઇ દુધાતરા (રહે. સુરત), તેજસભાઇ કાળુભાઇ વસોયા (રહે. ગીર સોમનાથ) અને રોનકભાઈ રસીકભાઈ વરસાણી (રહે. ગીર સોમનાથ) મળી આવ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસે રહેલા મોટા થેલાઓ અને રેનોલ્ડ કવીડ ફોર વ્હીલ કાર (નં. GJ-36-F-4491)માં તપાસ કરતા ગેરકાયદેસર રીતે રખાયેલી વિવિધ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની કુલ ૩૬૪ સીલપેક બોટલો (કિંમત રૂ. ૫૦,૮૦૦) મળી આવી હતી.

સઘન પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે આ દારૂનો જથ્થો આરોપી તેજસ વસોયા ગોવાથી લાવ્યો હતો. આ જથ્થો ભાવનગર, મોખડકા, સોનગઢ, વલ્લભીપુર અને અમરગઢના અન્ય ૬ શખસો વિશાલ કંટારીયા, ચિરાગ કંટારીયા, રાહુલ ડાભી, રાજદીપસિંહ ગોહિલ, અજયકુમાર નાડોલીયા અને ગીરીરાજસિંહ ગોહિલને સપ્લાય કરવાનો હતો.

આ મામલે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર હાર્દિક ભુપતભાઇ ભટ્ટ ચલાવી રહ્યા છે.

# ભોજપરામાં ડેરી કંપની સાથે રૂ.૧૦.૧૮ લાખની છેતરપિંડી

## કર્મચારીઓની જ મિલીભગતથી ફેટના ખોટા રિપોર્ટ બનાવી આચર્યું કૌભાંડ

ભાવનગર,તા.૦૨

ભાવનગર જિલ્લાના પાલીતાણા અને ગ્રામ્ય પંથકની (ભોજપરા) 'ક્રેવ ક્રિમરી એલએલપી' નામના પ્લાન્ટમાં દૂધના ફેટના ખોટા આંકડા દર્શાવી કંપની સાથે રૂ. ૧૦,૧૮,૧૧૯/- ની વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શૈલ શકુંત આપ્ટે દ્વારા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

માર્ચ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ દરમિયાન ભાવનગરના શિવાજી સર્કલ પાસે 'ગોપાલ ડેરી' ચલાવતા જયદીપ ભુવા દ્વારા કંપનીમાં આશરે ૩.૮૦ લાખ લીટર દૂધનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન કંપનીના જ કર્મચારીઓ અમરજીત પટેલ અને ગોપાલભાઈ મેવાડાએ દૂધના લેબોરેટરી ફેટના આંકડામાં ગેરરીતિ આચરી હતી. જયદીપ ભુવા સાથે મિલીભગત કરી, દૂધના ફેટના ખોટા રિપોર્ટ બનાવીને ૧૧૧૮.૯ કિલો ફેટ વધારીને બતાવવામાં આવ્યો હતો.

આ ખોટા રિપોર્ટ સેટ કરવા બદલ મુખ્ય આરોપી જયદીપ ભુવાએ કંપનીના કર્મચારી અમરજીત પટેલના બેંક ખાતામાં ટુકડે-ટુકડે રૂ. ૧,૧૬,૦૦૦જમા કરાવ્યા હતા. તેમજ બીજા કર્મચારી ગોપાલ મેવાડાને પણ રોકડ રકમ આપવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૬માં મટીરીયલ બેલેન્સ ચેક કરતા ફેટનો લોસ આવતા આ કૌભાંડ બહાર આવ્યું હતું. કંપનીના ઓપરેશન હેડ ગૌરવભાઈ પારેખ દ્વારા ઓડિયો કોલ રેકોર્ડિંગ અને અન્ય પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૧૬(૨), ૩૧૬(૪), ૩૧૬(૫), ૩૧૮(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦, ૩૪૪, ૩(૫), ૬૧(૨) મુજબ ગુનો નોંધીને આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# લક્ષ્મીસોસાયટી સુભાષનગરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો



ભાવનગર,તા.૦૨

શહેરના સુભાષનગર ખાતે લક્ષ્મી સોસાયટી ખાતે ત્રણ દિવસ પહેલા બંધ મકાનમાં સોના-ચાંદીના દાગીના સહીત સાડાત્રણ લાખના મુદામાલની ચોરી કરનાર શખ્સને પોલીસે ગણતરીના દિવસોમાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

શહેરના સુભાષનગર ખાતે પ્લોટ નં.૩૦, લક્ષ્મી સોસાયટી, શહેર ફરતી સડક, એક્સ કલેક્ટર બંગલોજમાં રહેતા પ્રતીભાબેન ગીરીશભાઈ શાહ ઉ.વ.૬૬ ના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના વાસણ સહિત સાડાત્રણ લાખના મુદામાલની ચોરી થયાની ત્રણ દિવસ પૂર્વે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ હતી. જેમાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ચોરીની ફરિયાદની તપાસમાં પોલીસે ટિમ બનાવી બાતમીદારો તેમજ સીસીટીવી તપાસી, ટેક્નિકલ સોર્સનો ઉપીયોગ કરી આરોપીને ઝડપી લઇ તમામ મુદામાલ જપ્ત કર્યો હતો.

# ડેરી કંપની સાથે ૨૧.૨૮ લાખની છેતરપિંડી

## ફેટના ખોટા રિપોર્ટ બનાવી મોટું કૌભાંડ પકડાયું, બેંક ટ્રાન્ઝેકશનથી ફૂટ્યો ભાંડો, તળાજા પોલીસ મથકમાં ૫ શખ્સો સામે ફરિયાદ

ભાવનગર,તા,૦૨

ભાવનગર જિલ્લાના પાલીતાણા પંથક અને ભોજપરા સ્થિત 'ક્રેવ ક્રિમરી એલએલપી' કંપનીના પ્લાન્ટમાં દૂધના ફેટના ખોટા આંકડા દર્શાવીને કંપની સાથે રૂ. ૨૧,૨૮,૧૫૩/- ની વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શૈલ શકુંત આપ્ટે દ્વારા આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

માર્ચ ૨૦૨૫ થી ફૂલસર (તળાજા) ના રહેવાસી જગદીશભાઈ તોતા અને નાનુભાઈ ભરવાડ દ્વારા કંપનીને દૂધનો જથ્થો પૂરો પાડવામાં આવતો હતો. આ દરમિયાન કંપનીના જ લેબોરેટરી કર્મચારીઓ અમરજીત પટેલ અને ગોપાલભાઈ મેવાડાએ સપ્લાયરો સાથે મિલીભગત કરી હતી. ડિસેમ્બર ૨૦૨૫ થી મે ૨૦૨૬ દરમિયાન દૂધના અસલ ફેટના રિપોર્ટ બદલીને ખોટા આંકડા ઊભા કરવામાં આવ્યા હતા, જેથી સપ્લાયરો કંપની પાસેથી વધુ નાણાં મેળવી શકે.

જાન્યુઆરી ૨૦૨૬ માં મટીરિયલ બેલેન્સ ચેક કરતા દર મહિને ૧૦૦૦ થી ૧૫૦૦ કિલો ફેટનો લોસ જણાતા કંપનીના ઓપરેશન અને મેનેજમેન્ટે તપાસ હાથ ધરી હતી. જૂન ૨૦૨૬ માં કડક પૂછપરછ દરમિયાન કર્મચારીઓએ પૈસાની લાલચમાં આવીને ફેટના રિપોર્ટ બદલ્યા હોવાની કબૂલાત કરી હતી. કૌભાંડ બદલ સપ્લાયરો દ્વારા ગોપાલ મેવાડાના બેંક ખાતામાં ટુકડે-ટુકડે નાણાં પણ જમા કરાવ્યા હતા.આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૧૬(૨), ૩૧૬(૪), ૩૧૬(૫), ૩૧૮(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૪, ૩(૫) અને ૬૧(૨) મુજબ ગુનો નોંધીને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# સિક્યુરિટી બાઉન્સર મહિલાને લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધી વિશ્વાસઘાત

ભાવનગર,તા.૦૨

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતી અને સિક્યુરિટી બાઉન્સર તરીકે નોકરી કરતી ૪૨ વર્ષીય યુવતી દ્વારા પ્રવિણસિંગ રમેશસિંગ ઝાંટ વિરુદ્ધ પાલીતાણામાં લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ગંભીર પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ, પીડિતા ૨૦૨૫થી સિક્યુરિટી અને ઈવેન્ટના કામકાજ દરમિયાન પ્રવિણસિંગ ઝાંટના સંપર્કમાં આવી હતી. આરોપીએ અવારનવાર પ્રેમ સંબંધ અને લગ્નની લાલચ આપીને ગત જૂન ૨૦૨૬માં પાલીતાણા ખાતેના ગંગોત્રી ફ્લેટ પર બોલાવી હતી. જ્યાં તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ આણંદ ખાતે મંદિરમાં લગ્ન કર્યાનું નાટક કર્યા બાદ આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને પરિવારના સભ્યો દ્વારા પણ ધમકીઓ આપવામાં આવી હતી.

આરોપી દ્વારા અવારનવાર લગ્નનું ખોટું આશ્વાસન આપીને શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. લાંબા સમય સુધી રાહ જોયા બાદ પણ આરોપી તરફથી કોઈ પ્રતિસાદ ન મળતા અને છેવટે છેતરપિંડી થયાનું જણાતા પીડિતાએ પોતાના ભાઈ પ્રભાકરણ સુર્યાને સાથે રાખીને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સમગ્ર મામલે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પાલીતાણામાં જમીન બાબતે લોહિયાળ જંગ: સગા ભાઈઓ વચ્ચે મારામારી, પિતા-પુત્ર સહિતને ઈજા

## બંને પરિવાર વચ્ચે જમીન વેચાણ અંગે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો

ભાવનગર,તા.૦૨

ભાવનગર જિલ્લાના પાલીતાણામાં તળાજા રોડ પર આવેલી સહિયારી જમીન વેચવા મુદ્દે સગા ભાઈઓ વચ્ચે લોહિયાળ ઘર્ષણ સર્જાયું હતું. પરિમલ સોસાયટીમાં રહેતા રીક્ષા ડ્રાઇવર હનીફભાઈ હાજીભાઈ સરમાળી અને તેમના નાના ભાઈ અબ્બાસભાઈના પરિવાર વચ્ચે જમીન વેચાણ અંગે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો.

આ મામલે ચર્ચા દરમિયાન વિવાદ વધતા અબ્બાસભાઈ, શહેનાઝબેન, આફતાબ અને ફેજલે ઉશ્કેરાઈને ઘરમાંથી ધોકા, લોખંડનો પાઈપ અને સળિયો જેવા હથિયારો કાઢી હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદી હનીફભાઈને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે તેમના પુત્ર ફેઝલને પણ માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. પત્ની નસીમબેન અને બીજા પુત્ર હુસૈનને પણ મૂઢ ઈજાઓ થઈ હતી.

હુમલાખોરોએ જમીન વેચવાની વાત કરવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્તોને પ્રથમ પાલીતાણા માનસિંહજી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગર સર ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પિતા અને પુત્ર હાલ સારવાર હેઠળ છે. પોલીસે આ મામલે બી.એન.એસ. કલમ ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પુરુષાર્થ, પ્રાર્થના અને છેવટે પ્રતીક્ષાથી પરિણામ પ્રગટ થશે જ - મોરારિબાપુ

## લોકભારતી સણોસરામાં પ્રાર્થનાસભામાં અપાયો ચિંતન સંદેશો

ભાવનગર,તા.૨

ગોહિલવાડની સુપ્રસિદ્ધ કેળવણી સંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં રાત્રી મુકામ દરમિયાન પ્રાર્થના સભામાં મોરારિબાપુએ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને ચિંતન સંદેશો આપ્યો અને પુરુષાર્થ, પ્રાર્થના અને છેવટે પ્રતીક્ષાથી પરિણામ પ્રગટ થશે જ તેમ જણાવ્યું અને તેઓને યુવાનો સાથે વાત કરવાનું કાયમી લક્ષ્ય રહ્યાનું જણાવ્યું.



મોરારિબાપુએ પ્રાર્થના સભામાં રામચરિત માનસ ઉલ્લેખ કરવા સાથે ગાંધીજીનું સ્મરણ કરી તેઓનો સંદેશો આપતાં ઉમેર્યું કે, પ્રાર્થના વગર સેવાકાર્યમાં અહંકાર આવી શકે છે.સંસ્થા પરિવારનાં ભૌતિકભાઈ લીંબાણી સાથે અનુજભાઈ રામકબીર, ગૌતમભાઈ વિરાસ અને શ્રી ક્રિષ્નાબેન બારૈયા દ્વારા સંગીત ટીમ સાથે પ્રાર્થના ગાન પ્રસ્તુત થયેલ.

# ગ્રીનસીટી દ્વારા શ્રાધ્ધ પર્વ નિમિત્તે વડીલોના પૂણ્ય સ્મરણાર્થે વૃક્ષારોપણ



ભાવનગર,તા.૦૨

શ્રાધ્ધ નિમિત્તે પોતાના સ્વર્ગસ્થ વડીલોના સ્મરણાર્થે પર્યાવરણ પ્રેમી એવા તળાજાના જાણીતા વકીલ અશોકભાઈ દેસાઈ તેમના ધર્મપત્નિ અલકાબેન દેસાઈ સાથે ખાસ તળાજાથી ભાવનગર આવયા હતા. તેઓએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણ તો હું તળાજામાં પણ કરી શકત પરંતુ વૃક્ષ નાખ્યા પછી તેનો ઉછેર - જાળવણી કરવા માટે ભાવનગરની ગ્રીનસીટી સંસ્થાનું નામ જાણીતુ છે. આથી જ વૃક્ષારોપણ કરેલ વૃક્ષોનો યોગ્ય ઉછેર થાય તે હેતુથી જ હું ખાસ ભાવનગર આવીને ગ્રીનસીટી સંસ્થા દ્વારા વૃક્ષારોપણ કરાવી રહ્યો છું. ભાવનગરના વૈદ્ય રસીકભાઈ શેઠ માર્ગ પર ૮ વૃક્ષોનું વૃક્ષારોપણ અશોકભાઈ, તેમના ધર્મપત્નિ અલકાબેન, મોટાભાઈ ઍડવોકેટ શ્રી કિશોરભાઈ દેસાઈ તથાઆસુતોષભાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ તથા પિયુષભાઈ વ્યાસ હાજર રહ્યા હતાં.

# સિદ્ધગિરિ મહાતીર્થ પાલિતાણા ખાતે ઉપધાન તપ આરાધનાનું આયોજન

## આચાર્ય ભગવંત વિજય હિતરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યોજાશે ઉપધાન આરાધના

ભાવનગર,તા.૨

અનંત સિદ્ધોની સાધનાભૂમિ એવા પાલિતાણા સ્થિત સિદ્ધગિરિ મહાતીર્થ ખાતે ભવ્ય આત્મસ્પર્શી ઉપધાન તપ આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર આરાધના દીક્ષાયજ્ઞ પ્રવર્તક પૂ. આચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ૧૦૮મા શિષ્યરત્ન, અપ્રમત્ત ક્રિયાસાધક પૂ. આચાર્ય ભગવંત વિજય હિતરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં યોજાશે.

આ ઉપધાન તપમાં પ્રથમ પ્રવેશ આસો સુદ ૧૪ (રવિવાર, તા. ૨૫/૧૦/૨૦૨૬) તથા દ્વિતીય પ્રવેશ આસો વદ ૧/૨ (મંગળવાર, તા. ૨૭/૧૦/૨૦૨૬) ના રોજ થશે, જયારે મોક્ષમાળા માગશર સુદ ૫ (સોમવાર, તા. ૧૪/૧૨/૨૦૨૬) ના દિવસે યોજાશે. તપ દરમિયાન આરાધકોએ તમામ નિયમોનું કડક પાલન કરવાનું રહેશે અને મોક્ષમાળા પરિધાન કરનાર આરાધકોને પ્રાથમિકતા અપાશે. હિતસંસ્કાર પરિવાર (પુણે-મુંબઈ-અમદાવાદ) દ્વારા આયોજિત આ આરાધના માટે ઓનલાઈન પ્રવેશ પત્ર સાથે રૂ. ૨,૦૦૦ (રીફંડેબલ) જમા કરાવવાના રહેશે. વધુ વિગત માટે અમદાવાદના નિખિલભાઈ (૯૮૯૮૧૨૧૩૧૦), સુરતના રાજેશભાઈ બાફના (૯૮૭૯૪૬૯૧૩૧) કે મુંબઈના મયૂરભાઈ વિતરા (૯૩૨૨૭૬૪૩૬૪) નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# ભરતનગરમાં પતિ ઉપર પત્નીનો લોહિયાળ હુમલો



શહેરના ભરતનગર વિસ્તારના પ્રગતિનગરમાં તુલસીભાઈ ધાપા નામના વ્યક્તિએ તેના ઘેર આવી બબાલ કરી પતિ પત્ની વચ્ચે માથાકૂટ થતા ઉશ્કેરાય જઈ તેમના પત્ની સેજલબેને તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં કારણે તુલસીભાઈને ગંભીર લોહિયાળ ઇજા થઈ હતી. દરમિયાન તેઓને તાત્કાલિક સારવાર માટે સર તખ્તસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે.

# કે. પી. હોસ્પિટલને 'ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ'ની મળી વિશિષ્ટ માન્યતા

## સૌરાષ્ટ્ર-કચ્છના પ્રથમ રોબોટિક ની રિપ્લેસમેન્ટ સેન્ટર તરીકે ભાવનગરનું ગૌરવ વધાર્યું



ભાવનગર,તા.૨

આધુનિક ઓર્થોપેડિક સારવાર અને રોબોટિક ની રિપ્લેસમેન્ટ ક્ષેત્રે કાર્યરત કે. પી. હોસ્પિટલ, ભાવનગરને પ્રતિષ્ઠિત Golden Book of Wrold Recrods દ્વારા "First Robotic Centre fro Knee Replacement in Saurashtra–Kutch" તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે.

રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ. કેવલ પરમાર (કંસારા) ના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલમાં દર્દીની જરૂરિયાત અનુસાર ચોકસાઈસભર આયોજન અને આધુનિક ટેક્નોલોજીની મદદથી ઘૂંટણ રિપ્લેસમેન્ટ સારવાર કરવામાં આવે છે. સર્જિકલ અનુભવ અને ટેક્નોલોજીના યોગ્ય સંયોજન દ્વારા દર્દીઓને અદ્યતન સારવાર સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કરાવવાનો હોસ્પિટલનો સતત પ્રયાસ રહ્યો છે.

### ભાવનગરમાં રવિવારે વિપશ્યના શિબિર

ભાવનગર વિપશ્યના સેન્ટર દ્વારા ભારતીય પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતી વિપશ્યના ધ્યાન પદ્ધતિના પ્રણેતા પૂ. ગોયન્કાજીની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે જૂના સાધકો માટે એક દિવસીય વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૪/૧૦, રવિવારના રોજ સવારે ૮ થી ૧ વાગ્યા દરમિયાન હર્ષાભુવન, વિશુદ્ધાનંદ શાળા વાળો ખાંચો, ચિતરંજન ચોક, વિદ્યાનગર, ભાવનગર ખાતે યોજાશે. નામ નોંધાવવા માટે મો. ૮૧૨૮૨૫૫૭૨૬ પર સંપર્ક કરવાનો રહેશે. સંચાલક અનિલભાઈ એ. શાહે તમામ સાધક ભાઈ-બહેનોને આ ધ્યાન સાધનાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# મતદારયાદીમાં નામ નોંધાવવા ગુજરાતમાં યોજાશે ખાસ ઝુંબેશ

## ઓક્ટોબર અને નવેમ્બરમાં ૪ રવિવારે મતદાન મથકો પર યોજાશે વિશેષ કેમ્પ

ભાવનગર,તા.૨

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ રાજયમાં સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહી ગયેલા નાગરિકો અને ૧૮-૧૯ વર્ષના નવા યુવા મતદારોની નોંધણી માટે રાજયવ્યાપી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અંગે મુખ્ય નિર્વાચન અધિકારી સંદીપ સાગળે દ્વારા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને આયોજન કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત ઓક્ટોબર અને નવેમ્બર માસના ૪ રવિવારો (૧૧/૧૦, ૧૮/૧૦, ૨૫/૧૦ અને ૦૧/૧૧/૨૦૨૬) દરમિયાન સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી તમામ મતદાન મથકો પર બીએલઓ (BLO) ઉપસ્થિત રહેશે. જ્યાં નાગરિકો માત્ર ફોર્મ-૬ ભરીને મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકશે.

આ ઉપરાંત કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં 'સ્વીપ' (SVEEP) પ્રવૃત્તિઓ દ્વારા વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે. અધિકારીઓ અને સુપરવાઈઝરો દ્વારા મતદાન મથકોનું રેન્ડમ નિરીક્ષણ કરવામાં આવશે. તમામ પાત્રતા ધરાવતા યુવાનોને આ સુવર્ણ તકનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
સ્વચ્છ ભારત
एक कदम स्वच्छता की ओर
સ્વદેશી વ્રત
આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી
મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી
નિમિત્તે શત્ શત્ નમન
૨ ઑક્ટોબર
ગાંધી જયંતી
પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મ જયંતીના અવસરે
સર્વધર્મ પ્રાર્થના સભા
: ગરિમામયી ઉપસ્થિતિ :
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તારીખઃ ૨ ઑક્ટૉબર, ૨૦૨૬, શુક્રવાર
સમયઃ સવારે ૮-૦૦ વાગે
સ્થળઃ મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર
"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન
સ્વચ્છતા અને સ્વદેશી અપનાવીએ
સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ 'આત્મનિર્ભર ગુજરાત' અને 'વિકસિત ભારત' ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત